પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૭૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૭-૦૭-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 277 PRICE :-RS. 1.50 DATE : 17-07-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કાવડયાત્રા પર સુપ્રિમની ચેતવણીઃ યૂપી સરકારને ફેર વિચારણા કરવા આદેશ

## ધાર્મિક ભાવનાઓ પછી, જીવવાનો અધિકાર સૌથી ઉપરઃ સુપ્રિમ કોર્ટ




ન્યુ દિલ્હી,
કોરોના સંકટ વચ્ચે કાવડ યાત્રાને લઈ સસ્પેન્સ બનેલું છે. ઉત્તર પ્રદેશ સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે, પ્રદેશમાં કાવડ યાત્રા પર સંપૂર્ણપણે પ્રતિબંધ નહીં રહે, કાવડ યાત્રા સાંકેતિક સ્વરૂપે ચાલુ રહેશે. હવે સુપ્રીમ કોર્ટે યુપી સરકારને આ મુદ્દે ફેરવિચારણા માટે જણાવ્યું છે. સોમવારે સુપ્રીમ કોર્ટમાં આ અંગે સુનાવણી કરવામાં આવશે. યુપી સરકારે ફરી એક વખત સોમવારે પોતાનો જવાબ આપવો પડશે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, આ દરેક વ્યક્તિ માટે ખૂબ મહત્વનો વિષય છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, કોઈ પણ વ્યક્તિનું જીવન સૌથી વધારે મહત્વનું છે. ધાર્મિક અને અન્ય ભાવનાઓ મૌલિક અધિકારને આધીન જ છે.

યુપી સરકારે પોતાના સોગંદનામામાં જણાવ્યું હતું કે, પ્રદેશમાં કાવડ યાત્રા પર સંપૂર્ણપણે પ્રતિબંધ નથી. સુપ્રીમ કોર્ટમાં દાખલ સોગંદનામામાં યુપી સરકારે કહ્યું હતું કે, સાંકેતિક સ્વરૂપે કાવડ યાત્રા કરવામાં આવશે. સાથે જ સરકાર દ્વારા આ અંગેની ગાઈડલાઈન પણ બનાવાઈ શકે છે.

આ તરફ કેન્દ્રએ કોર્ટમાં કહ્યું કે, રાજ્ય સરકારે પ્રોટોકોલ અંતર્ગત ઉચિત નિર્ણય લેવો જોઈએ. કેન્દ્ર સરકાર દ્વારા પહેલેથી જ તમામ એડવાઈઝરી જાહેર કરી દેવામાં આવી છે. કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, કાવડ યાત્રાને ઉત્તરાખંડ જવાની મંજૂરી ન આપવી જોઈએ. જોકે ગંગાગજળ એવી જગ્યાએ ઉપલબ્ધ કરવું જોઈએ જેથી કાવડિયાઓ નજીકના શિવ મંદિરમાં પૂજા કરી શકે.

ઉલ્લેખનીય છે કે, કોરોના સંકટને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડ સરકારે આ વખતે કાવડ યાત્રા પર પ્રતિબંધ મુક્યો છે. જોકે ઉત્તર પ્રદેશ સરકારે સંપૂર્ણ પ્રતિબંધ નહોતો મુક્યો. આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટે આ મુદ્દે જાતે જ સંજ્ઞાન લીધું હતું.

ઉત્તરાખંડ પોલીસ હવે કાવડ યાત્રાને લઈ આકરી બની છે. ૨૪ જુલાઈથી હરિદ્વાર બોર્ડર કાવડિયાઓ માટે સીલ કરી દેવામાં આવશે. ડીજીપી તરફથી આ નિર્દેશ આપવામાં આવ્યો છે.

નિષ્ણાતો દ્વારા સતત ચેતવણી આપવામાં આવી રહી છે કે, કોરોનાની ત્રીજી લહેર ગમે તે સમયે આવી શકે છે. સરકારે પહાડી વિસ્તારોમાં ઉમટી રહેલી ભીડને લઈને પણ ચિંતા વ્યક્ત કરી હતી. આ સંજોગોમાં કાવડ યાત્રાને લઈ અનેક પ્રકારના સવાલો થઈ રહ્યા હતા.

## લોકો સાવચેતી રાખે, આપણે ત્રીજી લહેરના દરવાજે ઉભા છીએઃ મોદી



ન્યુ દિલ્હી,
કોરોનાની ત્રીજી લહેરની આશંકા પહેલા કેન્દ્ર સરકાર સતત રાજ્યોના સંપર્કમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમીક્ષા બેઠક કરીને સ્થિતિનો તકાજો મેળવી રહ્યા છે. તેના અનુસંધાને શુક્રવારે વડાપ્રધાન મોદીએ ૬ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી. આ રાજ્યોમાં તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, કેરળ, ઓડિશા અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.

વડાપ્રધાને જણાવ્યું કે, કોરોનાના કેસ ફરી વધી રહ્યા છે તે ચિંતાનો વિષય છે. યુરોપના અનેક દેશોમાં કોરોનાના કેસ વધી રહ્યા છે જે આપણા માટે ચિંતાજનક વાત છે. લાંબા સમય સુધી કોરોના રહે તેનાથી નવા વેરિએન્ટનું જોખમ વધી જાય છે. આ સંજોગોમાં આપણે તેનાથી બચવું જોઈએ. આપણે ત્રીજી લહેરની સાવ પાસે ઉભા છીએ માટે સતર્ક રહેવું જોઈએ.

બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, જો સ્થિતિ નિયંત્રિત નહીં થાય તો હાલત બેકાબૂ બની જશે. માટે આપણે અત્યારથી જ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પર ધ્યાન આપવાની જરૂર છે. વડાપ્રધાને જણાવ્યું કે, તમામ રાજ્ય સરકારોએ સંકટના આ સમયમાં એક બીજા પાસેથી શીખવાનો પ્રયત્ન કર્યો છે. વડાપ્રધાને ગત સપ્તાહે પૂર્વોત્તરના રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી તેનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, બીજી લહેર દરમિયાન કેટલાક રાજ્યોએ લોકડાઉન ન કર્યું પરંતુ માઈક્રો કન્ટેનમેન્ટ પર વધુ ધ્યાન આપ્યું જેથી તેઓ સ્થિતિ સંભાળવામાં સફળ રહ્યા.

વડાપ્રધાને જણાવ્યું કે, છેલ્લા એક સપ્તાહમાં નોંધાયેલા આશરે ૮૦ ટકા રાજ્યો મીટિંગમાં સામેલ છે એ ૬ રાજ્યોમાંથી જ નોંધાયા છે. મહારાષ્ટ્ર, કેરળમાં વધી રહેલા કેસ ચિંતાજનક છે કારણ કે આ બધા બીજી લહેરના પહેલાવાળા લક્ષણો છે. આપણે ફરી એક વખત ટેસ્ટ, ટ્રેક અને વેક્સિનની રણનીતિ પર આગળ વધવું પડશે. જ્યાં સંક્રમણ વધારે છે ત્યાં વેક્સિનેશન ખૂબ મહત્વપૂર્ણ છે. ટેસ્ટિંગમાં સૌથી વધારે આરટીપીસીઆર ટેક્નિક પર ભાર આપવાની જરૂર છે. તમામ રાજ્યોમાં આઈસીયુ બેડ્સ, ટેસ્ટિંગ ક્ષમતા વધારવા માટે ફંડ વહેંચવામાં આવી રહ્યું છે. કેન્દ્રએ ૨૩ હજાર કરોડનું ફંડ આપ્યું છે જેનો ઉપયોગ થવો જોઈએ. સાથે જ ઓક્સિજન પ્લાન્ટને મિશન મોડ અંતર્ગત પૂરા કરવા જોઈએ.

વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી યોજાયેલી આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયા સામેલ થયા હતા. બેઠકમાં વડાપ્રધાને બાળકોને કોરોનાથી બચાવવા સંપૂર્ણ તૈયારી કરવી પડશે તેમ પણ કહ્યું હતું. વડાપ્રધાને જણાવ્યું કે, છેલ્લા ૨ સપ્તાહથી યુરોપના દેશોમાં કોરોના વધી રહ્યો છે, અમેરિકામાં પણ કેસ વધી રહ્યા છે. આ આપણા માટે ચેતવણી છે. વડાપ્રધાને સાર્વજનિક જગ્યાઓએ ભીડ વધવાને લઈ ચિંતા વ્યક્ત કરી હતી અને તેને રોકવા વિનંતી કરી હતી.

### વડાપ્રધાને અમદાવાદ-ગાંધીનગરમાં વિવિધ વિકાસકાર્યોનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું

## નવા ભારતના વિકાસની ગાડી બે પાટા પર ચાલશેઃ મોદી




ગાંધીનગર,
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં સાયન્સ સિટી ખાતે એક્વાટિક અને રોબોટિક ગેલેરી તેમજ ગાંધીનગરમાં અપગ્રેડ કરવામાં આવેલું રેલવે સ્ટેશન તથા ૫ સ્ટાર હોટલ તથા વડનગરના રેલવે સ્ટેશનનું પણ લોકાર્પણ કર્યું છે. PM મોદીએ દિલ્હીમાં બેઠા બેઠા વડનગરથી વારાણસી સુપર ફાસ્ટ ટ્રેનને લીલીઝંડી બતાવી હતી. આ પ્રસંગે દિલ્હીથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમજ રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી વિજય રૂપાણી, ડે.સીએમ નીતિન પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ, રાજ્યના ચિફ સેક્રેટરી અનિલ મુકિમ તેમજ દર્શનાબેન જરદોશ સહિતના મહાનુભવો ઉપસ્થિત રહ્યાં.

પીએમે પોતાના ભાષણની શરુઆત કરતા ગુજરાતીમાં 'બધા મજામાં..'થી કરી હતી. પીએમે ગાંધીનગરથી જ વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતું, પરંતુ તેમણે એમ પણ કહ્યું હતું કે તેઓ આ તમામ સ્થળોને નિહાળવા માટે ઉત્સુક છે.

પીએમે જણાવ્યું હતું કે, સારા જાહેર સ્થળો ખૂબ જ જરુરી છે, જેના વિશે ભૂતકાળમાં કોઈ વિચાર નહોતો થયો. ભૂતકાળમાં શહેરી આયોજનને લક્ઝરી માનવામાં આવતું હતું, જેના કારણે લોકોને સારી જાહેર જગ્યાઓથી વંચિત રહેવું પડતું હતું. સાબરમતી નદીનો ખાસ ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે પહેલા સાબરમતી કેવી હતી તે કોઈ ભૂલી શકે તેમ નથી. પરંતુ હવે રિવરફ્રંટ, પાર્ક તેમજ સી-પ્લેનથી તેનું સ્વરુપ જ બદલાઈ ગયું છે. તેવું જ કાંકરિયા વિશે પણ કહી શકાય.

સાયન્સ સિટી વિશે પીએમે જણાવ્યું હતું કે રોબોટ્સ અને ડાયનોસોરના રમકડાં માગતા બાળકો હવે તેમને સાયન્સ સિટીમાં જોઈને રાજી થશે. તેની એક્વેટિક ગેલેરી એશિયાના સૌથી ટોચના

(અનુ.પાના.નં.૨)

## ભારે વરસાદથી મુંબઈ બેહાલ: ચારે બાજુ પાણી જ પાણી



મુંબઈ,
મુંબઈમાં ગુરુવારે મોડી રાતથી શરૂ થયેલો વરસાદ શુક્રવાર સવાર સુધી યથાવત રહ્યો હતો. વડાલા, સાયન અને ગાંધી માર્કેટ સહિત અનેક નીચલા વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાય ગયા. ભારે વરસાદને પગલે મ્સ્ઝએ બસોના રૂટ બદલી નાખ્યા છે. હાર્બર લાઈન પર ચાલતી લોકલ ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ છે. એરપોર્ટના રનવે પર પણ પાણી ભરાય ગયા છે. જો કે હજુ સુધી વિમાની સેવા પર કોઈ ખાસ અસર પડી નથી. મુંબઈ ઉપરાંત થાણે અને રાયગઢમાં પણ હવામાન વિભાગે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

મુંબઈમાં ભારે વરસાદનું એલર્ટ જોતા પુણેથી NDRFની ત્રણ ટીમને મુંબઈ શિફ્ટ કરવામાં આવી છે. સેન્ટ્રલ રેલવાના CPRO શિવાજી સુતારે જણાવ્યું કે ભારે વરસાદને પગલે તમામ કોરિડોર ટ્રેન મોડી ચાલી રહી છે. ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની સાથે જ હવે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર પણ ભારે જામ જોવા મળી રહ્યો છે. ભારે વરસાદને કારણે દહિંસર ચેક નાકા પર પણ લાંબો ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે, તો હવામાન વિભાગ મુજબ આજે દિવસભર વરસાદને કારણે લોકોની મુશ્કેલીમાં વધારો થશે.

હવામાન વિભાગે રેડ અલર્ટ જાહેર કરીને મુંબઈ અને એનાં ઉપનગરોમાં આગળના ૨૪ કલાકમાં વરસાદની આગાહી કરી છે. મુંબઈમાં ભારે વરસાદને લીધે ગાંધી માર્કેટ વિસ્તારમાં પાણી ભરાઈ ગયું છે. ચોમાસામાં હંમેશાં મુંબઈ જળમગ્ન થઈ જાય છે. મ્સ્ઝએ લોકોને દરિયાકાંઠાના વિસ્તારોથી દૂર રહેવાની ચેતાવણી આપી છે.

મુંબઈમાં ૧ જૂનથી અત્યારસુધી ૧૨૯૧.૮ મિલીમીટર વરસાદ થયો છે, જે સામાન્યથી ૪૮% વધુ છે. છેલ્લા એક અઠવાડિયામાં જ મુંબઈમાં આશરે ૩૦૨ મિમી વરસાદ થયો, જે સામાન્યથી ૭૭% વધારે છે.

## દરિયાપુર મનપસંદ જુગાર મામલોઃ PI, PSI સહિત ૧૫ પોલીસ જવાનો સસ્પેન્ડ

અમદાવાદ,
દરિયાપુરમાં મનપસંદ જુગાર કલબ પ્રકરણમાં શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે દરિયાપુર પીઆઈ, પીએસઆઈ સહિત ડી સ્ટાફના ૧૫ પોલીસ જવાનો સસ્પેન્ડ કરી દેતા પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે. જણાવી દઈએ કે, શહેરમાં થોડા દિવસો પહેલાં જ મનપસંદ જુગાર કલબમાં પોલીસ રેડ કરી હતી. જેમાં ૧૭૦ જુગારીઓ જુગાર રમતા પકડાયા હતા. આ ઉપરાંત પોલીસે કલબમાંથી લાખોની રકમ પણ જપ્ત કરી હતી.

સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડામાં ૧૭૦ જુગારીઓ અને લાખો રૂપિયાનો મુદામાલ જપ્ત થયા સંદર્ભે શહેર પોલીસ કમિશનરે દરિયાપુરના પીઆઈ આર.જી. જાડેજા, ડી સ્ટાફ પીએસઆઈ કે.સી. પટેલ સહિત સમગ્ર ડી સ્ટાફને સસ્પેન્ડ કરી દેવાનો હુકમ કર્યો છે. આ ઉપરાંત પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ (પીસીબી)ના પીએસઆઈ સહિત ૯ પોલીસ કર્મચારીઓની બીજી જગ્યા બદલી કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ૫મીના રોજ મળેલી બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દરિયાપુર કડિયાનાકા પાસે આવેલા મનપસંદ જીમખાનામાં રેડ કરીને ૧૭૦ જુગારીઓને ઝડપી લીધા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલના એસપી જ્યોતિ પટેલની આગેવાનીમાં કરવામાં આવેલી રેડની કામગીરી દરમિયાન શહેરના ઈતિહાસની જુગારની સૌથી મોટી રેડ હોવાનું કહેવાય છે. ઉલ્લેખનીય છે કે, મનપસંદ જીમખાનામાં રેડ દરમિયાન ૪૦ જેટલા જુગારીઓ જુગાર રમતા ઝડપાયા હતા. પરંતુ પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લઈને આસપાસના મકાનો પણ તપાસ કરતા ૭ જેટલા મકાનમાં જુગાર નગરી વસાવી જુગાર રમતા લોકોને ઝડપી લઈ લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત્ કર્યો હતો. સૂત્રોના જણાવ્યું અનુસાર આ અગાઉ મનપસંદ જીમખાના ઉપર ઘણી વખત રેડ કરવામાં આવી હતી, પરંતુ સંચાલક ગોવિંદ પટેલ ઉર્ફે ગામા પોલીસના હાથે ઝડપાયો નહોતો.

## આતુરતાનો અંતઃ આજે સવારે આઠ કલાકે ધો. ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થશે

ગાંધીનગર,
ધોરણ ૧૦ના પરિણામ બાદ ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ આતુરતાથી રિઝલ્ટની રાહ જોઈ રહ્યા છે. ત્યારે હવે ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની આતુરતાનો ૧૭મી જુલાઈએ અંત આવી જશે. આવતીકાલે ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવામાં આવશે. આ પરિણામ સવારે ૮ વાગ્યે result.gseb.org પર જાહેર કરવામાં આવશે. સ્કૂલોનું પરિણામ સ્કૂલના ઈન્ડેક્સ નંબર અને પાસવર્ડ દ્વારા લોગિન કરી ડાઉનલોડ કરી શકશે.

ઉલ્લેખનીય છે કે, કોરોના મહામારીને કારણે રાજ્ય સરકારે ધો. ૧૨ સાયન્સના ૧.૪૦ લાખ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યું છે.

માર્કશીટ તૈયાર કરવાની ફોર્મ્યુલા માસ પ્રમોશન આપ્યા બાદ ગુજરાત બોર્ડે ધો.૧૨ના પરિણામની માર્કશીટનું માળખુ જાહેર કર્યું હતું. આ ફોર્મ્યુલા પ્રમાણે ધો.૧૦ના પરિણામના ૫૦ માર્ક્સ, ધો.૧૧ના પરિણામના ૨૫ માર્ક્સ તેમજ ધો.૧૨ની સામયિક અને એકમ કસોટીના ૨૫ ગુણ ધ્યાનમાં લેવાશે. ધોરણ ૧૨ના તમામ પ્રવાહના નિયમિત ઉમેદવાર માટે સરકાર દ્વારા ગુણાંકન પદ્ધતિ અનુસાર પરિણામ તૈયાર કરવામાં આવશે. આ પરિણામ પ્રસિદ્ધ થયા બાદ કોઈ વિદ્યાર્થીને પરિણામથી અંસતોષ હોય તો તેવા વિદ્યાર્થી પરિણામ પ્રસિદ્ધ થયાના ૧૫ દિવસમાં પોતાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરીમાં જમા કરાવવાનું રહેશે. આવા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ બોર્ડ દ્વારા અલગથી પરીક્ષા યોજવામાં આવશે. આ અંગેનો કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

## રશિયાના સાઈબેરિયામાંથી ૧૭ લોકોને લઈ જતું વિમાન ગાયબ થતા હડકંપ

મોસ્કો,
રશિયાનું વધુ એક વિમાન ગાયબ થયું હોવાના અહેવાલ સામે આવ્યા છે, રશિયાના સાઈબેરીયામાંથી એક નાનું વિમાન ગાયબ થઈ ગયું છે, જેમાં ૧૭ લોકો સવાર હતા. અધિકારીઓએ જણાવ્યું કે સાઈબેરીયામાં એક ઉડાણ દરમ્યાન ૧૭ લોકોની સાથે એક રૂસી પેસન્જર વિમાન ગાયબ થયું છે. રશિયન ઈમરજન્સી મિનિસ્ટ્રીના ક્ષેત્રીય બ્રાંચે જણાવ્યું કે an-28 વિમાન શુક્રવારે પશ્ચિમી સાઈબેરીયાના ટોમ્સ્ક ક્ષેત્રમાં ગાયબ થઈ ગયું છે. ઈમરજન્સી વિભાગે જણાવ્યું કે પ્લેનમાં ૪ બાળકો સહિત ૧૪ પેસન્જર અને ચાલક દળના ત્રણ સભ્યો સવાર હતા. અધિકારીઓએ જણાવ્યું કે વિમાની શોધખોળ કરવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે છ૯-૨૮ને ટૂંકા અંતર માટે રશિયામાં ડિઝાઈન કરવામાં આવેલું એક નાનું વિમાન છે, જેને રશિયા અને અન્ય દેશોમાં માલસામાનની હેરાફેરી માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે.

## રાજ્યની ચાર વીજ વિતરણ કંપનીઓને સર્વશ્રેષ્ઠ સેવાઓ માટે A+ રેટિંગ

ગાંધીનગર,
ગુજરાત સરકારના ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ અંતર્ગતની ચારેય વીજ વિતરણ કંપનીઓ ; ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડે વીજ સેવાઓ અને ગુણવત્તામાં સર્વશ્રેષ્ઠ દેખાવ કરીને સમગ્ર ભારતમાં પ્રથમ ચાર ક્રમાંક અંકે કર્યા છે. એટલું જ નહીં ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા અપાયેલા નવમા વાર્ષિક ઈન્ટિગ્રેટેડ રેટિંગમાં છ+ (એ-પ્લસ) નું સર્વોચ્ચ રેટિંગ મેળવ્યું છે. મુખ્યમંત્રી રૂપાણીના સક્ષમ નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની આ ચારેય વીજ વિતરણ કંપનીઓએ પોતાનું સર્વોચ્ચ સ્થાન જાળવી રાખ્યું છે. સીએમ રૂપાણીએ આ જ્વલંત સફળતા અને ઉત્કૃષ્ટ દેખાવ બદલ વિશેષ સ્થાન મેળવનાર વીજ કંપનીઓના અધિકારીઓ અને તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા છે.

## કોરોનાની ત્રીજી-લહેર બીજી કરતાં ઓછી તીવ્ર હશેઃ ICMR

ન્યુ દિલ્હી,
ભારતમાં કોરોના સંક્રમણની બીજી લહેર ખત્મ થતા જ ત્રીજી લહેરનો ખતરો મંડરાઈ રહ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના ડિવિઝન ઑફ એપિડેમિયોલોજી એન્ડ કૉમ્યુનિકેબલ ડિસીસના પ્રમુખ ડૉક્ટર સમીરન પાંડાએ આશંકા વ્યક્ત કરી છે કે ઑગષ્ટના અંત સુધી કોરોના વાયરસની ત્રીજી લહેર પણ આવશે. એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં સમીરન પાંડાએ કહ્યું છે કે, કોરોના સંક્રમણની ત્રીજી લહેર કોવિડની બીજી લહેર જેટલી ભયાનક નહીં થાય. જો કે એકવાર ફરીથી આખો દેશ કોરોનાની ત્રીજી લહેરની ઝપટમાં આવશે. ડૉક્ટર સમીરન પાંડાએ કહ્યું છે કે, કોવિડ-૧૯ મહામારી દરમિયાન લોકોની રોગો સામે લડવાની રોગપ્રતિકારક ક્ષમતા ઓછી થઈ છે. આવામાં કોરોના સંક્રમણની ત્રીજી લહેરનું આ પણ એક કારણ બની શકે છે. નબળી ઈમ્યુનિટીવાળા લોકો આ લહેરમાં સરળતાથી ઝપટમાં આવી શકે છે. ડૉક્ટર સમીરન પાંડાનું કહેવું છે કે, જો આવી જ રોગપ્રતિકારક ક્ષમતા ઓછી રહેશે તો આ ત્રીજી લહેરનું એક મોટું કારણ બની શકે છે. તેમનો દાવો છે કે કોરોનાથી લડીને મેળવવામાં આવેલી ઈમ્યુનિટીને પણ નવું વેરિયન્ટ નબળી પાડી શકે છે. જો આવું થયું તો કોરોનાનું નવું વેરિયન્ટ ઈમ્યુનિટીને તોડીને અત્યંત ઝડપથી સંક્રમણ ફેલાવી શકે છે. ડૉ. સમીરન પાંડાએ કહ્યું કે, એવી અપેક્ષા નથી કે ડેલ્ટા અને ડેલ્ટા પ્લસ વેરિયન્ટ જનજીવન પર વધુ કહેર વરસાવશે. તેમને એવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, શું ડેલ્ટા પ્લસ વેરિયન્ટ કોરોનાની ત્રીજી લહેર લાવી શકે છે? ઉલ્લેખનીય છે કે ડૉક્ટર સમીરન પાંડાનું આ નિવેદન ત્યારે સામે આવ્યું છે જ્યારે હાલમાં જ એમ્સના ડાયરેક્ટર ડૉક્ટર રણદીપ ગુલેરિયાએ કહ્યું હતું કે કોરોનાની ત્રીજી લહેર લોકોની ઈમ્યુનિટી નબળી થવાના કારણે આવી શકે છે. કોરોના સંક્રમણના નવા નવા વેરિયન્ટ આવી રહ્યા છે, સરકારો લોકડાઉન અને અન્ય પ્રતિબંધોમાં ઢીલ આપી રહી છે. આવામાં કોરોના વાયરસ ફેલાઈ શકે છે.

## સરકાર ખેડૂતો સાથે વાતચીત કરી લે.... નહિ તો દેશમાં યુદ્ધ થશેઃ ટિકૈત

રામપુર,
ખેડૂત આંદોલન પર ભારતીય ખેડૂત યુનિયનના રાકેશ ટિકૈતનું મોટુ નિવેદન સામે આવ્યું છે. રામપુરમાં રાકેશ ટિકૈતે કહ્યું છે કે ખેડૂતો પાછા નહીં ફરે, તે ત્યાં જ રહેશે. સરકારને વાતચીત કરવી જોઈએ. તેણે કહ્યું કે અમે ૫ સપ્ટેમ્બરે મોટી પંચાયત બોલાવી છે. આગળનો જે પણ નિર્ણય હશે તે નિર્ણય અમે તેમાં લઈશું. બે મહિનાનો સરકાર પાસે પણ ટાઈમ છે. પોતાનો નિર્ણય સરકાર પણ કરી લે અને ખેડૂતો પણ કરી લેશે. એવું લાગી રહ્યું છે યુદ્ધ થશે દેશમાં. રામપુર પહોંચેલા રાકેશ ટિકૈતે કહ્યું કે ખેડૂતોના હાલચાલ પુછવા માટે આવ્યા છે. વરસાદ નથી પડી રહ્યો. અમે ડિઝલને લઈને આંદોલન કરી રહ્યા છીએ તો સરકાર કહી રહી છે કે મોંઘવારીથી તમારો શું મતલબ છે? ડીઝલ ખરીદી રહ્યા છે. જોઈએ સરકાર સબ્સિડી આપશે છે કે નહીં. ખેડૂત પોતાના ખિસ્સામાંથી ખરીદી કરી રહ્યા છે. શેરડીની ખરીદી નથી થઈ રહી. તરાઈ વાળી બેલ્ટને નુકસાન થઈ રહ્યું છે. હાલત એ છે કે દેશમાં ખેડૂતોને નુકસાન છે.

ટિકૈતે કહ્યું કે સરકાર જે કાયદો લાવી છે. તેનાથી વધુ નુકસાન થશે. રાકેશ ટિકૈતે વધુમાં જણાવ્યું કે સરકાર કાયદા પરત લે અને ખેડૂતો સાથે બેસીને વાત કરે. નહીં તો આંદોલન ચાલુ રહેશે. અમે શાંતિપૂર્ણ રીતે આંદોલન કરી રહ્યા છીએ માટે સરકાર અમારૂ નથી સાંભળી રહી. ક્રાંતિકારી રીતે આંદોલન કરીશું તો જ સરકાર સાંભળશે. જે અમે કરવા નથી માંગતા અમે શાંતિના પુજારી છીએ.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મજેવાડી દૂધ ઉ.સે.સ. મંડળી લી.
મુ. મજેવાડી, તા. ગોધરા

### નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (ગુજરાત સરકાર)
### "ઈ" પ્રોકયોરમેન્ટ જાહેર નોટીસ નં."૭" સને ૨૦૨૧-૨૨

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાનમ સિંચાઈ વિભાગ, ગોધરા ૨/૩૫, જીલ્લા સેવા સદન-૨, બીજોમાળ, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા-૩૮૯૦૦૧ જી.પંચમહાલ દ્વારા યોગ્ય નોંધણી ધરાવતા ઈજારદારો પાસેથી કુલ-૦૫ (પાંચ) કામો રૂ.૧.૬૯ લાખથી રૂ.૧૮.૫૧ લાખના કામો માટે ઓનલાઈન ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે. સદરહુ કામોના ટેન્ડર ઓનલાઇન રજૂ કરવાની છેલ્લી તા.૩૧/૦૭/૨૦૨૧ સાંજના ૧૮:૦૦ કલાક સુધી છે, ટેન્ડરો શક્ય હશે તો ખોલવાની તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ ૧૨.૦૦ કલાકે ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને બીજા અન્ય દસ્તાવેજો અત્રેની કચેરીમાં રજુ કરવાની છેલ્લી તા.૦૯/૦૮/૨૦૨૧ સાંજના ૧૮.૦૦ કલાક સુધી. વધુ વિગત માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવા તથા વેબસાઈટ http://nwr.nprocure.com પર જોઈ લેવા વિનંતી.

કાર્યપાલક ઈજનેર
પાનમ સિંચાઈ વિભાગ
ગોધરા

માહિતી/ગોધરા/૩૩૮/૨૦૨૧

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# ખાનપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રકતદાન કેમ્પ યોજાયો

લુણાવાડા,

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની સંભવીત ત્રીજી લહેરને પહોચીવળવા તેમજ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરતપણે રકત મળી રહે અને રકતના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે જિલ્લા આરોગ્યણ તંત્ર દ્વારા જિલ્લામાં અવાર-નવાર રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહની રાહબરીમાં ખાનપુર પ્રાથમિક આરોગ્યે કેન્દ્રિ ખાતે ડો.નીકુંજ અને ડો.જ્યોતી તેમની આરોગ્ય ટીમ, રેડક્રોસ સોસાયટી લુણાવાડાના ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાઇ ગયો.

ખાનપુર ખાતે યોજાયેલ રકતદાન કેમ્પ માં ૨૯ રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામે સંભવીત ત્રીજી લહેરની લડતમાં પોતાનું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડી રકતદાન-મહાદાનના મંત્રને સાર્થક કર્યો હતો.

આ રકતદાન કેમ્પમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈનનું અને દિશાનિર્દેશોની સાથે ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું. આ રકતદાન કેમ્પનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તેની કાળજી રાખવામાં આવી હતી.

આ રકતદાન કેમ્પમાં ૨૯ બ્લડ યુનીટનું કલેક્શન કરવામાં આવ્યું હતું. રકતદાતાઓ જ્યારે કેમ્પના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે સિનિયર મેડિકલ ઓફિસર બિરેન્દ્રસીંગે રકતદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે સુચારૂં આયોજન કર્યું હતું.

આ રકતદાન કેમ્પા દરમિયાન રકતદાતાઓને માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળવા દરેકથી ઓછામાં ઓછું છ(૬) ફૂટનું અંતર જાળવવા, વારંવાર સાબુથી હાથ ધોવા કે સેનેટાઈઝરનો ઉપયોગ કરવા તથા તેમની અને તેમના સ્વમજનોની રોગપ્રતિકારક શકિત વધારવા આયુષની ઉપચાર પદ્ધતિઓ અપનાવવા અને યોગ-વ્યાસયામ ઈત્યારદિથી જીવનશૈલી સુધારવા તથા પરિવાર અને સમાજના વડીલો, બાળકો અને બિમાર લોકોની વિશેષ કાળજી રાખવા અંગે સમજ આપી આ સંદેશો જનજન સુધી પહોંચાડવા જણાવાયું હતું.

# લુણાવાડાના ગેરકાયદેસર જુગાર રમાડનાર નાશીર કૈયુમ અરબની પાસા હેઠળ અટકાયત



લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં લુણાવાડ ખાતે ગેરકાયદેસર પોતાના આર્થિક ફાયદા સારૂં જુદી જુદી જગ્યાએથી માણસો બોલાવી તેના કબજા ભોગવટાના ઘરમાં ગંજીપાના વડે તીનપત્તીનો જુગારનો અડ્ડો ચાલતા નાશીર કૈયુમ અરબની વિરૂધ્ધમાં (૧) લુણાવાડા પોલીસ મથકમાં જુગારધારા કલમ-૪, ૫ મુજબ (૨) લુણાવાડા પો.સ્ટે. એફ.આઈ.આર. નં. ૧૧૧૮૭૦૦૬૨૧૦૧૧૧/૨૦૨૧ જુગારધારા કલમ-૪, ૫ મુજબ ગુન્હા નોંધવામાં આવ્યા હતા.

આ ઈસમ કાયદાની પ્રવર્તમાન જોગવાઈઓનો ભંગ કરી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિ કરતો હોય તથા તેની જાહેર વ્યવસ્થાને બાધ આવે તેવી અસામાજિક પ્રવૃત્તિ અટકાવવા અને આવી પ્રવૃત્તિ ઉપર અંકુશ લાવવા તત્કાલિન જિલ્લા મેજિસ્ટ્રેટ આર. બી. બારડ દ્વારા ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના અધિનિયમ-૧૯૮૫ (પાસા એકટ) હેઠળ મળેલ સત્તાની રૂઈએ તા. ૧૦/૩/૨૦૨૧ના રોજ અટકાયત હુકમ જારી કરવામાં આવ્યો હતો.

આ જારી કરવામાં આવેલ હુકમના કારણે મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે બેડા ફળીમાં રહેતા નાશીર કૈયુમ અરબ પોતાની ધરપકડ ટાળવા સારૂં ભાગી ગયા હતા. જેથી છેલ્લા ચાર (૪) માસાથી નાસતો ફરતો આરોપી નાશીર કૈયુમ અરબને મહીસાગર જિલ્લાના નવનિયુકત કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. મનિષ કુમાર દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૮૨ હેઠળ તા. ૧૩/૭/૨૦૨૧ના હુકમની તારીખથી ફરારી (ભાગેડુ) જાહેર કરી ત્રીસ (૩૦) દિવસમાં લુણાવાડા. જિ. મહીસાગર ખાતે તેઓની અથવા પોલીસ અધિક્ષક, મહીસાગર-લુણાવાડા સમક્ષ કે નજીકના સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ હાજર થવા આદેશ જારી કરવામાં આવ્યો હતો.

આ આદેશ (વોરંટ) ઈસ્યુ થવાના બે (૨) જ દિવસમાં લોકલ ક્રાઈમ બ્રાંચ, મહીસાગર જિલ્લા પોલીસ વિભાગ દ્વારા લુણાવાડા ખાતેના બેડા ફળીમાં રહેતા નાશીર કૈયુમ અરબની અટકાયત કરી સૂરત મધ્યસ્થ જેલ ખાતે ખસેડવામાં આવ્યો હોવાનું મહીસાગર-લુણાવાડાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ. આઈ. સુથારએ એક યાદી દ્વારા જણાવ્યું છે.

(પાન નં.૧ નું ચાલુ)

## વડાપ્રધાને અમદાવાદ-ગાંધીનગરમાં....

એકવેરિયમમાં સામેલ છે. સાયન્સ સિટીમાં રોબોટિક ગેલેરી જોઈને વિદ્યાર્થીઓ રોબોટિકસનો અભ્યાસ કરવા માટે પ્રેરાશે. પીએમે જણાવ્યું હતું કે જ્યારે તેમણે રોબોટિક્સ ગેલેરીના ફોટોગ્રાફ સોશિયલ મીડિયા પર શેર કર્યા ત્યારે કોઈ માનવા તૈયાર નહોતું કે આ સ્થળ ભારતમાં આવેલું છે. તેમણે સ્ટૂડન્ટ્સને તેની મુલાકાત લેવા ખાસ અપીલ કરી હતી અને સ્કૂલોને પણ વિદ્યાર્થીઓને ત્યાં લઈ જવા જણાવ્યું હતું.

દેશભરમાં રેલ કનેક્ટિવિટી આજે મજબૂત બની હોવાનું જણાવતા પીએમે કહ્યું હતું કે ગાંધીનગર-વારાણસી વચ્ચે ટ્રેન શરુ થવાથી સોમનાથ અને વિશ્વનાથની ભૂમિ એકબીજા સાથે જોડાઈ છે. સરકાર રેલવેને માત્ર એક સેવા તરીકે નહીં પરંતુ સંપત્તિ તરીકે વિકસાવી રહ્યા છીએ. આવનરા દિવસોમાં ફ્રેઈટ કોરિડોર કાર્યરત બનશે અને તેનાથી માલગાડીઓની સ્પીડ પણ વધશે. દેશના દરેક મોટા શહેરોના રેલવે સ્ટેશનોને આધુનિક બનાવવામાં આવશે. પીએમે કહ્યું હતું કે રેલવેએ વિસ્તરણની નીતિ બદલવી જોઈએ અને ગાંધીનગર તેનું મોટું ઉદાહરણ છે.

રેલવે સ્ટેશનોનો આર્થિક ગતિવિધિ માટે ઉપયોગ કેમ ન થઈ શકે? તેવો સવાલ કરતા પીએમે જણાવ્યું હતું કે ગાંધીનગર રેલવે સ્ટેશનને એક મોડેલ બનાવી તેને અન્ય શહેરોમાં લાગુ કરવા પણ સરકાર પ્રયાસ કરી રહી છે. દેશ પાસે આટલું મોટું રેલવે નેટવર્ક છે, આટલા સ્રોત છે અને સુદ્રઢ સેવા આપવાની તેની પાસે રહેલી તકો પણ અમર્યાદિત છે. પીએમે એમ પણ કહ્યું હતું કે ખૂબ જલ્દી શ્રીનગર પણ કન્યાકુમારી સાથે રેલવે માર્ગે જોડાઈ જશે. પીએમે પોતાના બાળપણને યાદ કરતા વડનગર સ્ટેશન સાથે પોતાની અનેક યાદો જોડાયેલી હોવાનું પણ કહ્યું હતું.

પોતાના ભાષણના અંતમાં પીએમે જણાવ્યું હતું કે કોરોનાએ સમગ્ર દેશને અસર કરી છે, અને આપણા ઘણા સાથીઓ તેના ભોગ બન્યા છે. આપણે તેનાથી સાવધાન અને સાવચેત રહેવાની જરુર છે. ગુજરાતમાં ત્રણ કરોડથી વધુ લોકોને રસી આપી દેવાઈ હોવાની વાત પર પણ પીએમે ખુશી વ્યક્ત કરી હતી.

(પાન નં.૪ નું ચાલુ)

## પંચમહાલ જિલ્લા આયોજન.....

કેસો આવે તો પણ સ્થિતિને સામાન્ય રીતે હેન્ડલ કરી શકાય તે રીતે આયોજન કરવા મંત્રી નિર્દેશ આપ્યો હતો. થર્ડ વેવમાં વાયરસ બાળકોને વધુ અસર કરે તેવી સંભાવનાને જોતા જિલ્લામાં બાળકો માટેના વેન્ટિલેટર, પિડીયાટ્રીશ્યન પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે તે અંગે તેમજ કોરોના સારવાર માટે બેડ સહિતનો ડેટા અને અન્ય માહિતી ઝડપથી મળે તે માટે કન્ટ્રોલરૂમમાં એક અસરકારક ડેશબોર્ડની વ્યવસ્થા ઝડપથી કાર્યરત કરવા મંત્રીએ જણાવ્યું હતું. આ બેઠકમાં હાલોલ પ્રાંત ઓફિસ ખાતેથી કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજ્યમંત્રી જયદ્રથસિંહ પરમાર, ગોધરા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી, જિલ્લાના સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય સર્વઓ સી.કે.રાઉલજી, નિમિષાબેન સુથાર, સુમનબેન ચૌહાણ, તાલુકા પંચાયત-નગરપાલિકાના પદાધિકારીઓ તેમજ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા પોલિસ વડા ડો. લીના પાટિલ, પ્રાયોજના વહીવટદાર એસ.કે. રાઠોડ, આયોજન અધિકારી ભાભોર, સહિતના વરિષ્ઠ અધિકારીઓએ ઉપસ્થિત પોતાના વિસ્તારના આયોજન સંદર્ભે વિચાર વિમર્શ કર્યો હતો.

# ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૮,૯૪૯ નવા કેસ, ૫૪૨ના મોત

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના વાયરસના કેસ ફરી એકવાર ચિંતા વધારી રહ્યા છે. જોકે, ૨૪ કલાકમાં નોંધાયેલા કેસ ફરી એકવાર ૪૦ હજારની અંદર નોંધાયા છે. ગઈકાલે રજૂ કરાયેલા આંકડામાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૧,૮૦૬ કેસ નોંધાયા હતા અને ૩૯,૧૩૦ દર્દીઓ સાજા થયા હતા. જોકે, આજે નવા કેસની સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધારે નોંધાઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૩૮,૯૪૯ નવા સંક્રમણ નોંધાયા છે, જ્યારે ૫૪૨ દર્દીઓના મોત થયા છે. ગઈકાલે ૫૮૧ દર્દીઓના મોત નોંધાયા હતા જેની સામે આજનો આંકડો ઘટ્યો છે.

કોરોના વાયરસના સાજા થયેલા દર્દીઓની સંખ્યા નવા કેસની સામે મોટી નોંધાઈ છે. દેશમાં ૨૪ કલાકમાં ૪૦,૦૨૬ દર્દીઓ સાજા થયા છે, આ સાથે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩,૦૧,૮૩,૮૭૬ થઈ ગઈ છે. દેશમાં કોરોનાના કુલ સંક્રમિતોનો આંકડો વધીને ૩,૧૦,૨૬,૮૨૯ પર પહોંચ્યો છે. ભારતમાં કુલ કોરોનાના લીધે મૃત્યુ પામેલા દર્દીઓની સંખ્યા વધીને ૪,૧૨,૫૩૧ થઈ ગઈ છે. નવા કેસની સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાતા એક્ટિવ કેસનો આંકડો ઘટીને ૪,૩૦,૪૨૨ થઈ ગયો છે.

સાજા થતા દર્દીઓની સંખ્યા વધતા રિકવરી રેટ વધીને ૯૭.૨૮% થયો છે. દેશમાં હાલના કોરોનાના કુલ કેસની સામે એક્ટિવ કેસની ટકાવારી ૧.૩૯% છે. સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૨.૧૪% સાથે ૫% કરતા નીચો રહ્યો છે. દૈનિક પોઝિટિવિટી રેટની ટકાવારી ૧.૯૯% થાય છે, જે પાછલા ૨૫ દિવસથી ૩% કરતા નીચો રહ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાની રસીના કુલ ૩૮,૭૮,૦૭૮ ડોઝ આપવામાં આવ્યા છે જ્યારે કુલ ડોઝની સંખ્યા વધીને ૩૯,૫૩,૪૩,૭૬૭ થઈ ગઈ છે. આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૫ જુલાઈ સુધીમાં કુલ ૪૪,૦૦,૨૩,૨૩૯ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૯,૫૫,૯૧૦ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

# કોરોના કેસો વધતા મણિપુરમાં ૧૦ દિવસનું લોકડાઉન લાગુ કરાશે

ઈમ્ફાલ,

દેશમાં કોરોનાનો નવો ડેલ્ટા વેરિયન્ટ ફરી આતંક મચાવી રહ્યો છે. આ બધા વચ્ચે મણિપુરમાં ઘણા બધા કેસો સામે આવ્યા છે. ત્યાંની સરકારે દ્વારા કોરોનાની ચેઈન તોડવા માટે ૧૦ દિવસનું લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું છે. આ લોકડાઉન ૧૮ જુલાઈથી લાગુ પડશે. આ દરમિયાન સમગ્ર રાજ્યમાં કર્ફ્યૂ રહેશે, સ્વાસ્થ્ય વિભાગના કહ્યા મુજબ કોરોનાના વધતાં કેસોની ચેઈન તોડવા માટે થઈને આ લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું છે.

મણિપુરના મુખ્યમંત્રી એન બીરેન સિંહે આ લોકડાઉનની જાહેરાત કહ્યું છે કે આ કર્ફ્યૂ દરમ્યાન આવશ્યક સેવાઓ સિવાય રાજ્યમાં બધી જ




કેસોની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં ૧,૧૦૪ કેસો સામે આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કારણે ૧૭ લોકોના મૃત્યુ થયા હતા. આ આંકડાઓને કારણે ત્યાં લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું. ત્યાંના સ્વાસ્થ્ય વિભાગના કહ્યા મુજબ આ સક્રિયતાનો દર ૮૮.૧૫ ટકા છે. જે સૌથી વધુ ચિંતાજનક છે.

જાણકારી મુજબ રાજ્યમાં ૭ જિલ્લાઓમાં ૮ મેના કેસોને ધ્યાનમાં લઈ પહેલેથી લાગુ પડેલ લોકડાઉનને ૧૦ દિવસ સુધી વધારવામાં આવ્યું હતું. આ કર્ફ્યૂ ૩૦ જૂન સુધી જ પૂરું થતું હતું, પણ કોરોનાના કેસો વધતાં લોકડાઉન વધારવામાં આવ્યું હતું. આ બધા વચ્ચે PM મોદીએ તમિલનાડુ, ઓડિશા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મહરાષ્ટ્રના મુખ્યમંત્રીઓ સાથે વર્ચ્યુઅલ મિટિંગ કરી. આ બધા જ રાજ્યોને કોરોના વધતાં કેસોને લઈ તેમણે કહ્યું કે આ સંકટ સમયમાં એક બીજા જોડેથી કંઈક શીખવાનો પ્રયાસ કરો. આપણે હાલ એવી સ્થિતિમાં છીએ જ્યાં ત્રીજી લહેર દરવાજે જ ઊભી છે.

# ખાનપુરના બાબલીયા થી પાંડરવાડા વચ્ચેનો બે મહિના અગાઉ બનેલ રસ્તો ખખડધજ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

ખાનપુર તાલુકાના બાબલીયા થી પાંડરવાડાને જોડતા માર્ગનું બે મહિના અગાઉ નવિનીકરણ કરવામાં આવ્યું હતું. જે ટુંકા સમયમાં હલ્કી ગુણવતાને લઈ બિસ્માર થયેલ છે. જેને લઈ વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે.

ખાનપુર તાલુકાના બાબલીયા થી પાંડરવાડા વચ્ચેના માર્ગનું બે મહિના અગાઉ નવિનીકરણ કરવામાં આવ્યું છે. તે રસ્તાના કામમાં કોન્ટ્રાકટર દ્વારા હલ્કી ગુણવતાનું મટીરીયલ વાપરવામાં આવ્યું હોય જેને લઈ ટુંકાગાળામાં માર્ગ ખખડધજ બન્યો છે. હજી ચોમાસાની સીજનનો વરસાદ થયો નથી. તે પહેલા માર્ગ બિસ્માર બન્યો હોવાથી રસ્તા ઉપર થી પસાર થતાં વાહન ચાલકો રાત્રીના સમયે પરેશાન થઈ રહ્યા છે. રસ્તા ઉપર ખાડાઓ પડી જતાં અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. રસ્તાની હલ્કી ગુણવતાની કામગીરી કરનાર કોન્ટ્રાકટર પાસે રસ્તાની મરામત કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# ઘોઘંબાના ઝિંઝરી ગામે ૧૧ વર્ષીય કિશોરને ઝેરી જનાવર કરડી જતાં મોત

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ઝિંઝરી ગામે રહેતા ૧૧ વર્ષીય કિશોર પોતાના ઘરના વાડામાં ઘાસચારો લેવા ગયેલ હતો. તે સમયે ઝેરી જનાવર કરડી જતાં સારવાર માટે લઈ ગયેલ ન હતા અને સવારે દુઃખાવો થતાં ૧૦૮ને ફોન કર્યો હતો. તે પહેલા કિશોરનું મોત નિપજાવા પામ્યું હતું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ઝિંઝરી ગામે રહેતા ગુલાબભાઈ રાઠવાનો ૧૧ વર્ષીય પુત્ર પિન્ટુ પોતાના ઘરના વાડામાં બકરા માટે ઘાસચારો લેવા ગયેલ હતા. તે વખતે પિન્ટુને કોઈક ઝેરી જનાવર કરડી ગયેલ હતું. જેની દવા સારવાર નહિ કરાવીને દેશી ઉપચાર કરેલ હતા અને વહેલી સવારે પિન્ટુને દુઃખાવો ઉપડતા ૧૦૮ને ફોન કરીને સારવાર માટે ખસેડવાની તજવીજ કરી હતી. ૧૦૮ આવે તે પહેલા પિન્ટુનું મોત થવા પામ્યું હતું. આ બાબતે રાજગઢ પોલીસ મથે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

# ફતેપુરા તાલુકાના પટીસરામાં બાવન વર્ષીય આધેડની લાશ નજીકના કૂવામાંથી મળી આવતા ચકચાર

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાંથી સમયાંતરે કુવાઓ માંથી લાશો મળી આવવાના બનાવોનો સિલસિલો વર્ષોથી ચાલી રહ્યો છે. જેમાં આજરોજ પટીસરા ગામેથી એક આશરે બાવન વર્ષીય આધેડની લાશ કૂવામાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી હોવાનું જાણવા મળે છે. મૃતક આધેડ ગતરોજ સાંજના ચારેક વાગ્યાના અરસામાં ઘરેથી નીકળ્યા બાદ સમય થતા ઘરે પરત નહીં ફરતા તેની શોધખોળ કરવામાં આવી હતી.તે દરમિયાન મૃતકના કપડા કુવાની કિનાર ઉપરથી મળી આવતા આસપાસમાંથી દોડી આવેલા લોકોને શક જતા મોટરથી કુવાનું પાણી ખાલી કરતા કૂવામાંથી લાશ મળી આવતા ચકચાર મચી જવા પાણી હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના પટીસરા ગામના નવાઘરા ફળિયામાં રહેતા મંગળા ભાઈ ગવલાભાઈ ગરાસીયા ઉ.વ. આશરે ૫૨ નાઓ ખેતીવાડી દ્વારા ગુજરાત ચલાવતા હતા જેઓ ગતરોજ સાંજના પાંચેક વાગ્યાના અરસામાં ઘરેથી નીકળ્યા હતા ત્યારબાદ મંગળા ભાઈ સમય થવા છતાં પરત ઘરે નહીં આવતા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી ક્યારે મંગળાભાઈએ શરીર ઉપર પહેરેલ કપડા તેમના કુવાની કિનારી ઉપર પડેલા જોવા મળ્યા હતા.જ્યારે કૂવામાં પાણીની ઊંડાઈ વધુ હોય ગતરાત્રીના આ કુવામાંથી મોટરો દ્વારા પાણી બહાર કાઢતા કૂવાની અંદર મંગળાભાઈની લાશ પડેલી હોવાનું જોવા મળતા ઘરના સભ્યોમાં રોકકળ મચી જવા પામી હતી.લાશને જોતા માથામાં વાગેલાનુ નિશાન જોવા મળ્યું હતું પરંતુ અકસ્માતે પડતા સમયે કુવાની ઘસ વાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યુ છે.ત્યારબાદ આ સંબંધે સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી.

વધુમાં સ્થાનિક લોકો દ્વારા જાણવા મળતી વિગતો મુજબ મૃતક દારૂનો વ્યસની હતો.પરંતુ તે માનસિક અસ્થિર નહીં હોવાનું જાણવા મળે છે. જ્યારે સુખસર પોલીસ સ્ટેશનમાં થયેલ નોંધ મુજબ મૃતકનું છેલ્લા દશેક માસથી અસ્થિર મગજ હોવાનું અને તે અકસ્માતે કૂવામાં પડતા કુવાનું વધુ પાણી પી જવાથી મોત નિપજયુ હોવા નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઉપરોકત બનાવ સંબંધે મૃતક મંગળાભાઈના ભાઈ રવજીભાઈ ગવલાભાઈ ગરાસીયાએ સુખસર પોલીસ સ્ટેશનમાં જાહેરાત આપતા લાશના પંચનામા બાદ લાશનું સુખસર સરકારી દવાખાનામાં પોસ્ટમોર્ટમ બાદ લાશનો કબજો તેમનાં વાલીવારસોને સોંપી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# ધાનપુર તાલુકામાં વિવિધ વિકાસકાર્યો માટે બે કરોડનાં કામોને સૈદ્ધાંતિક મંજૂરી

દાહોદ,

વિકાસશીલ તાલુકા યોજના અંતર્ગત અંતરિયાળ ધાનપુર તાલુકામાં વિવિધ જનકલ્યાણના કામો કરવા માટે ઓનલાઇન બેઠક યોજાઇ હતી. જેમાં ધાનપુર તાલુકાના ધારાસભ્ય તરીકે રાજયમંત્રી બચુભાઇ ખાબડ ઉપસ્થિત રહ્યાં હતા.

આ બેઠકમાં ધાનપુરના વિવિધ વિકાસકાર્યો માટે રૂ. બે કરોડનાં કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. આ વિકાસકાર્યોમાં તાલુકામાં રોડ-રસ્તા તેમજ પાયાની માળખાકીય સુવિધાઓ વધારવામાં આવશે. તાલુકામાં સામાન્ય માણસની જરૂરીયાતોને ધ્યાને રાખીને સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે અને વિકાસકાર્યોના ફળ ઝડપથી લોકો સુધી પહોંચે એ માટેનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓનલાઇન બેઠકમાં ગાંધીનગરથી ધાનપુર તાલુકાના પ્રભારી મમતા વર્મા જોડાયા હતા. તેમજ કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા આયોજન અધિકારી ગેલાત, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખ, જિલ્લા પશુપાલન અધિકારી ડો. ગોસાઇ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# મહીસાગર જિલ્લો કોરોનામુકત : સતત છવ્વીસમાં દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર ડો. મનિષકુમાર બંસલ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં સતત છવ્વીસમાં દિવસે એક્પણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુક્ત રહ્યો છે. મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લા છવ્વીસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લાને કોરોનામુકત બનાવવામાં જિલ્લા વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેક્સિનયુક્ત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૬-૦૭-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૭૪૯૧ કેસ પોઝીટીવ નોધાયા છે. હાલ જિલ્લામાં એકપણ દર્દી સારવાર હેઠળ નથી. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૪૧૮ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જ્યારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/કોરોનાના કુલ ૩૦૫૨૩૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૭-૦૭-૨૦૨૧, શનિવાર, અષાઢ સુદ-૮, સૂર્યોદય-૬-૧૩, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ ચિત્રા

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૨-૨૬ થી ૧૩-૨૦ સુધી ૭-૫૪ થી શુભ-૯-૩૩ સુધી, ૧૨-૫૩ થી ચલ-લાભ-અમૃત ૧૭-૫૨ સુધી, ૧૯-૩૨ થી લાભ-૨૦-૫૨ સુધી, ૨૨-૧૩ થી અમૃત શુભ ૨૪-૫૩ સુધી

- શુભ હોરા-

૭-૨૦ થી ગુરૂ ૮-૨૭ સુધી, ૧૦-૪૦ થી ૧૩-૫૯ સુધી, ૧૫-૦૬થી ૧૬-૧૩ સુધી ૧૮-૨૭ થી ૨૧-૧૯ સુધી

# દૈનિક રાશીફળ

તા.૧૭.૦૭.૨૦૨૧ શનિવાર

મેષ (અ.લ.ઈ.):- જીવનને માણવા માટે તંમારી ઉમેદો ચકાસો. યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્રક્ષ રાખવી જોઈએ.

વૃષભ(બ.વ.ઉ.):- કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે.

મિથુન(ક.છ.ઘ.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. આજે દરેક જણ તમારી મિત્રતા ઝંખે છે-અને તમે પણ તેમની ઈચ્છા પૂરી કરવાના મૂડમાં છો.

કર્ક(ડ.હ.):- એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે.

સિંહ(મ.ટ.):- તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે.

કન્યા(પ.ઠ.ણ.):- સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

તુલા(ર.ત.):- અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. બાળકો કેટલાકજબરજસ્ત સમાચાર લાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે.

મકર(ખ.જ.):- સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે એ સમયે જ તે તમને નિરાશ કરશે.

કુંભ(ગ.શ.સ.):- આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. તમારૂં બેદરકારીભર્યું તમારા માતા-પિતાને ચિંતિત કરશે. કોઈ નવો પ્રૉજેક્ટ શરૂ કરતા પહેલા તેમને વિશ્વાસમાં લેજો.

મીન(દ.ચ.ઝ.):- તમે ઘણા [redacted] અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી ત[redacted]શે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે ત[redacted]માં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આર્થિક રૂપે [redacted] મજબૂત દેખાશો! ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે [redacted] ઘણી તકો બનશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

ધાનપુર બાદ દેવગઢ બારિયામાં ભાગેડુ પ્રેમી યુગલને તાલીબાની સજા

## પ્રથમ પતિ અને તેના સાગરીતોએ પરિણીતા અને તેના પ્રેમીનું અપહરણ કરી અત્યાચાર ગુજાર્યો




દાહોદ,

જિલ્લાના ધાનપુર તાલુકા બાદ હવે દેવગઢ બારિયા તાલુકામાં ભાગેડુ પ્રેમી યુગલને તાલીબાની સજા કરવામાં આવી હોવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે દેવગઢ બારિયાના કોયડા ગામની પરિણીતા ઉચવાણ ગામના એક યુવક સાથે ભાગી ગયાના ૭ મહિના પછી તેના પ્રથમ પતિ સહિત અન્ય શખ્સો ફોર વ્હીલરમાં પરિણીતા તેમજ તેના પ્રેમીનું અપહરણ કરી ગયા હતા. ત્યારબાદમાં માથાનાં વાળ કાપી માર માર્યો હતો અને આખા ગામમાં ફેરવ્યા હતા. આ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી પ્રમાણે કોયડા ગામે રહેતા મહેશ પટેલની પત્ની મનીષાબેન ઉચવાણ ગામે રહેતા દિલીપ પટેલ સાથે આંખ મળી જતાં ૬ મહિના પહેલા તેની સાથે ભાગી ગઈ હતી. દરમિયાન અઠવાડિયા પહેલા મનિષા અને તેનો પ્રેમી દિલીપ બંને ઉચવાણ ગામે આવ્યા હતા. જે અંગેની મનીષાના પહેલા પતિ મહેશને જાણ થતાં પરિણીતાનો પહેલો પતિ મહેશ સહિત બીજા છ થી સાત વ્યક્તિઓને લઈને પીકઅપ વાન લઈને ઉચવાણ પહોંચી ગયો હતો અને મનીષા તથા દિલીપને બેફામ ગાળો આપી હતી અને બાદમાં બંનેને ગાડીમાં બેસાડીને અપહરણ કરીને લઈ ગયા હતા.

આ અંગે દિલીપના ભાઈ કમલેશ પટેલ પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જો કે તે પહેલા તો મનિષા અને દિલીપ પર જોરદાર અત્યાચાર થયો હતો. મનિષાએ પોલીસને જણાવ્યું હતું કે, અમને બંનેને કોયડા ગામે લઈ જઈ માથાના વાળ કાપી માર મારી માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપી હતી. ગામમાં વરઘોડો કાઢીને ફેરવ્યા હતા.

આ ઘટનામાં મનિષા તેમજ દિલીપને ગંભીર ઈજાઓ થતાં દેવગઢ બારિયા સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર ઘટના અંગે દિલિપના ભાઈ કમલેશ પટેલે દેવગઢ બારિયા પોલીસ સ્ટેશનમાં મનિષાના પ્રથમ પતિ, મહેશ, રાકેશ અને ભારત સહિતના શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ : સરકાર કડક કાયદા કાડે છે પણ તેનો અમલ થતો નથી

દાહોદ,

દાહોદ જિલ્લામાં એમ.પી. તથા રાજસ્થાનની બોર્ડર હોય ધુમ દારૂ સપ્લાય થઈ રહ્યો છે. જેને લઈ દાહોદ જિલ્લામાં પણ તાલુકામાં દારૂનો વેપલો ચાલી રહ્યો છે. પોલીસની કામગીરીમાં નબળાઈને લઈ વિજીલન્સ આવી રેડ પાડી દારૂ પકડે છે તો શું દાહોદ જિલ્લાની પોલીસ શું કરે છે. પોલીસના ગાલ પર તમાચો : મારી વિજીલેન્સ રેડ પાડી દારૂનો જથથો પકડી જાય છે, આવોજ એક બનાવ.

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી છેલ્લા કેટલાય સમયથી બુટલેગરો દ્વારા વિદેશી દારૂ ખુલ્લેઆમ વેચાતો હોવાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલ ને મળી હતી. જેને લઈને પાલ્લી ગામે તપાસ હાથ ધરતા બુટલેગરોના રહેણાંક મકાનોની આગળ દુકાનની આડમાં ધમધમતા અલગ-અલગ દારૂના બે અડ્ડાઓ ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલની ગાંધીનગરની ટુકડીએ ગત મોડી સાંજે પાડેલા દરોડા દરમિયાન બંને સ્થળો ઉપરથી કુલ રૂપિયા ૧૭ હજારથી વધુની કિંમતના દારૂના જથ્થા સાથે બે બુટલેગરોની ધરપકડ કરી હતી. જ્યારે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલ ગુજરાત રાજ્ય ગાંધીનગરની પોલીસ ગુજરાત રાજ્ય તમામ વિસ્તારમાં પ્રોહી -જુગાર તથા અન્ય તમામ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શોધી કાઢી જરૂરી કાર્યવાહી કરવાની હોય છે. ત્યારે લીમખેડા તાલુકાના પાલ્લી ગામે પાણીયાં તરફ જતો રસ્તો ઉપર એક જ લાઈનમાં પોતાના રહેણાંક મકાનના ઘરની આગળ દુકાનની આડમાં દારૂનો વિપુલ પ્રમાણમાં સંગ્રહ કરી બુટલેગર દારૂનું વેચાણ કરતા હોવાની મળેલી બાતમીના આધારે પોલીસે ગત મોડી સાંજે રેડ પાડી હતી. જેમાં પાલ્લી ગામના અજયકુમાર ઉર્ફે લાલો ગોપાલ વણકરના ઘરની આગળ માંથી ઝેરોક્ષની દુકાનમાંથી રૂપિયા નવ હજારની કિંમતની જુદા-જુદા મારકા વાળી ઈંગ્લીશ દારૂની ૯૦ નંગ બોટલો સાથે અજય કુમાર ઉર્ફે લાલો ગોપાલ વણકરની ધરપકડ કરી હતી. પોલીસે દારૂનો જથ્થો પૂરો પાડનાર લીમડીના સચિન ઉર્ફે ગુડ્ડુ શેઠ કૈલાશ ગડરીયા તથા તથા બુટલેગર અજય કુમાર ઉર્ફે લાલો ગોપાલ વણકર તેમજ તેના પિતા ગોપાલ માના વણકર વિરૂદ્ધ પ્રોહીબીશન મુજબનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે બીજા બનાવમાં પોલીસે તેની બાજુમાં યુવરાજ કિરાણા સ્ટોર નામની દુકાનમાં ધમધમતા બુટલેગર ગણપત રત્ના વણકરના દારૂના અડ્ડા ઉપર રેડ પાડી દારૂ તથા બીયરની રૂપિયા ૮,૦૦૦ સોની કિંમતને ૮૧ નંગ બોટલો કબ્જે લીધી હતી. સાથે રત્નાલીંબા વણકરને સ્થળ ઉપરથી ઝડપી લીધો હતો. પોલીસે ગણપત રત્ના વણકર તથા તેના સહયોગી રાકેશ ઉર્ફે હિતેશ ગુલાબ ચૌહાણ તેમજ દારૂનો જથ્થો પૂરો પાડનાર લીંમડીના સચિન ઉર્ફે ગુડ્ડુ સેઠ કૈલાશ ગડરીયા સહિત ચાર શખ્સો વિરૂદ્ધ લીમખેડા પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આમ, સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગરની પોલીસે પાલ્લી ગામે થી જુદા જુદા બે બુટલેગરોના ધમધમતા દારૂના અડ્ડા ઉપર થી કુલ રૂપિયા ૧૭૧૦૦ કિંમતની દારૂ તથા બિયરની કુલ ૧૭૧ નંગ બોટલો કબજે કરી કુલ છ બુટલેગરો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા તાલુકાના કંથાગરમાં બે માસ અગાઉ કોરોનામાં મોતને ભેટેલા ચાર સભ્યોના બંધ મકાનમાં તસ્કરોનો તરખાટ

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના કંથાગરમાં ગત બે માસ અગાઉ એકજ ઘરના ચાર-ચાર સભ્યો ટુંકા દિવસોમાં કોરોનાથી મોતને ભેટતા પોતાના સ્વજનોને ગુમાવનાર ઘરના સભ્યોના આંસુ હજી સૂકાયા નથી,અને ડુસકા શમ્યા નથી.અને તેવાજ સમયે અસામાજિક નિર્દયી ચોરલોકો મૃતકોના બંધ મકાનને નિશાન બનાવી ચોરી કરવાનો પ્રયાસ કરે, ત્યારે તેવા ચોર લોકો ઉપર પ્રજા ફિટકાર વરસાવે તે સહજ બાબત છે. ચોર લોકોએ મોટી મિલકત મળવાની આશાએ બંધ મકાનના તાળા તોડી ઘરમાં પ્રવેશ્યા અને તિજોરીઓ ની પણ તોડફોડ કરી પરંતુ તેઓને કંઈ હાથ ન લાગતાં મકાનની બાજુમાં આવેલ બોરમાંથી મોટરની ચોરી કરી પલાયન થઈ જતાં તેની સુખસર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકા કંથાગરના ઉસરા ફળિયા ખાતે રહેતા ચુનીલાલભાઈ બારીયા વડોદરા ખાતે સરકારી નોકરી કરતા હતા.જેઓ ગત બે માસ અગાઉ કોરોનામાં સપડાયા હતા.અને સારવાર દરમિયાનમાં તેઓનુ મોત નીપજ્યું હતું. અને તેવાજ સમયે તેમના પત્ની સહિત તેમના પુત્ર અને પુત્રવધૂ ઉપર પણ કોરોનાએ કબજો જમાવતા ટૂંકા દિવસોમાં એક ઘરમાંથી ચાર સભ્યોના મોત નિપજયા હતા.જ્યારે મૃતક ચુનીલાલભાઈ ગોધરા ખાતે પણ પોતાનું મકાન ધરાવતા હતા.જ્યાં તેમના મોટા પુત્ર નોકરી અર્થે પરિવાર સાથે ગોધરા રહેતા હોય કંથાગર મકાનને તાળું મારી ગોધરા ગયેલા હતા. તે દરમિયાન ગુરૂવાર રાત્રિના કોઈ અજાણ્યા ચોર લોકોએ ચુનીલાલ ભાઈના મકાનનું તાળું તોડી મકાનમાં પ્રવેશ્યા હતા.મકાનમાં રાખેલ બે તિજોરીઓ સહિત ઘરના અન્ય સામાનની પણ તોડફોડ કરી ચોર લોકોએ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ મકાનમાં કોઈ કીમતી ચીજ વસ્તુઓ નહીં મળી આવતા ચોર લોકોએ ચુનીલાલભાઈના મકાન પાસે આવેલ બોરની ઈલેક્ટ્રિક મોટર ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જેની જાણ ગુલાબભાઈ બારીયાએ મૃતક ચુનીલાલભાઈના પુત્ર જીગ્નેશ ભાઈને મોબાઈલથી હકીકતની જાણ કરેલ ગોધરાથી જીગ્નેશભાઈ બારીયા આવી પહોંચતા તેની જાણ સુખસર પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે.તેમજ મકાનમાંથી કોઈ કીમતી ચીજ વસ્તુઓની ચોરી થયેલ નહીં હોવાનું જીગ્નેશભાઈ દ્વારા જાણવા મળ્યું હતું.પરંતુ નજીકમાં આવેલ બોરમાંથી ચોર લોકો મોટરની ચોરી કરી ગયેલ હોવાની ગુલાબભાઈ બીજીયાભાઈ બારીયાએ સુખસર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર લોકોની વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવા લેખિત ફરિયાદ આપી હોવાનું જાણવા મળે છે.

## દાહોદને સ્માર્ટ સીટી બનાવવાની જાહેરાત વચ્ચે પીવાના પાણીની સમસ્યાની નગરજનો પરેશાન

દાહોદ,

દાહોદ શહેર ને આપણા લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબે સ્માર્ટ સિટી બનાવવાની જાહેરાત કરી પરંતુ દાહોદની જનતાને આ નગર પાલીકા પીવાનું પાણી પૂરૂં પાડી શકતી નથી. શહેરને ગંદકી તથા સફાઈ મુદ્દે બીલકુલ નિષ્ક્રીયતા જોવાઈ રહી છે. છેલ્લા ૧૫ થી ૨૦ વર્ષનો સમય થયો પણ આજે પણ પીવાના પાણીના બુમ બરાડા સાંભળવા મળી રહ્યા છે.

ત્રણ દિવસે એક વખત પીવાનું પાણી સપ્લાય કરી સકતા નથી અને લોકો પાસે થી પાણી વેરો ૧૨ મહીનાનો વસુલ કરે છે. જયારે જોવો ત્યારે કોઈ ને કોઈ બહાના હેઠળ લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. આવુ ક્યાં સુધી ચાલશે શું દાહોદની જનતાને આમ જ સમાર્ટ સીટીના સપના જોવડાવસે નગર પાલીકા દાહોદ શહેરમાં આવેલ વોર્ડ નંબર એક અને બે માં છેલ્લા એક સપ્તાહથી વધુ સમય વીતી ગયા બાદ પણ આ બંને બોર્ડમાં પીવાના પાણીનો પુરવઠો ન મળતા સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ સંબંધે આ બંને વોર્ડના કહી તો દ્વારા પાલિકા તંત્રને પાણી પુરવઠો પૂરો પાડવા અનેકવાર રજૂઆત કરવા છતાં પણ આજદિન સુધી નિરાકરણ ન આવતાં બોર્ડના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે ભર ચોમાસે પાણી માટે વેખલા પડતાં બંને વોર્ડના રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

અનેક વર્ષો રાહ જોયા બાદ લડત આપ્યા બાદ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દાહોદ શહેર તથા જિલ્લાની પાણીની સમસ્યાના નિવારણ તરીકે દાહોદની કડાણા યોજનાની ભેટ આપી અને દાહોદ ખાતે કડાણાના નીરનું આગમન થયા પછી અમુક ખામીઓ સામે આવી છે. એમાં પાણીને ઉપર ચઢાવવા માટે વપરાતી ઈલેક્ટ્રિક મોટરનું મેન્ટેનન્સ અને એ માટે વપરાતી વીજળીના બીલનું ભારણ દાહોદ નગર સેવા સદન પર આવવા સાથે એમ.જી.વી.સી.એલની અનિયંત્રિત બીજ ઉપલબ્ધતા જવાબદાર છે એવું જાણવા મળી રહ્યું છે. વીજ વિભાગ દ્વારા અનિયંત્રિત પ્રવાહના કારણે મોટરમાં વારંવાર ખામી સર્જાવાથી ખાસ કરીને દાહોદ નગરપાલિકાના વોર્ડ નંબર એક અને બે વિસ્તારમાં સમસ્યા ખૂબ વકરતા સરેરાશ એક સપ્તાહથી પાણી પુરવઠો માત્ર ગણાતરીની મિનિટો માટે જ પૂરો પાડવામાં આવ્યો છે. જાણવા મળ્યા પ્રમાણે શહેરના અન્ય વિસ્તારોમાં પણ અનિયંત્રિત પાણી પુરવઠાના પ્રવાહને કારણે લોકો પણ ભારે હેરાન પરેશાન થઈ રહ્યા છે.

## દાહોદમાં મેઘરાજા મહેરબાન : વીતેલા ૨૪ કલાકમાં ૬૧ મી. મી વરસાદ વરસ્યોઃ ધરતીપુત્રો ખુશખુશાલ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં ગતરોજ બપોરના સમયે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયા હતા. દાહોદ જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર ૬૧ મી.મી વરસાદ ખાબક્યો હતો ત્યારે જિલ્લામાં અત્યાર સુધીનો કુલ વરસાદ ૮૩૮ મી.મી નોંધાવા પામ્યો છે.

લગભગ હવે વર્ષાઋતુનો પ્રારંભ થઈ ચૂક્યો છે તેમ કહીએ તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય કારણ કે, છેલ્લા પંદર થી એક મહિનાના સમયગાળા દરમિયાન દાહોદ શહેર સહિત જિલ્લાવાસીઓએ અસહ્ય ગરમી તેમજ બફારા અને ઉકળાટ વચ્ચે દિવસો પસાર કર્યા હતા અને મેઘરાજાની રાહ જોઈ રહ્યા હતા. ત્યારે છેલ્લા બે - ત્રણ દિવસની અંદર મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. વરસાદી માહોલ વચ્ચે વાતાવરણમાં ઠંડક પણ પ્રસરી જવા પામી છે ત્યારે ગતરોજ બપોરના બાદ દાહોદ શહેર સહિત જિલ્લામાં વીજળીના કડાકા અને ભડાકા સાથે તેમજ ભારે પવનના વચ્ચે સાથે મેઘરાજા મન મુકીને વરસ્યા હતા. ૨૪ કલાકની અંદર દાહોદ જિલ્લામાં ૬૧ મી.મી વરસાદ નોંધાયો હતો. જેમાં દાહોદ તાલુકામાં ૨૭ મી.મી, ગરબાડા તાલુકામાં ૦૩ મી.મી, ધાનપુર તાલુકામાં ૦૧ મી.મી, દેવગઢ બારીયા તાલુકામાં ૦૭ મી.મી, લીમખેડા તાલુકામાં ૦૯ મી.મી, ઝાલોદ તાલુકામાં ૦૪ મી.મી, ફતેપુરા તાલુકામાં ૦૨ મી.મી, સંજેલી તાલુકામાં ૦૩ મી.મી અને સિંગવડ તાલુકામાં ૦૫ મી.મી વરસાદ નોંધાયો છે. દાહોદ જિલ્લામાં સારા વરસાદના પગલે ધરતીપુત્રોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. ધરતી પુત્રો પણ ખેતી કામમાં જોતરાઈ ગયા છે. ત્યારે ગઈકાલના વીજળીના કડાકા અને ભડાકાના વરસાદી માહોલ વચ્ચે અમુક જગ્યાએ આકાશી વીજળી પડવાની ઘટનાઓ પણ સામે આવી છે. જેમાં સીંગવડ તાલુકાના ધામણબારી ગામે અચાનક વીજળી પડતાં બે પશુઓનાં મોત નિપજ્યા છે. જેમાં એક ગાય અને એક ભેંસનો સમાવેશ થાય છે અને આજ ગામમાં વીજળી પડવાના કારણે એક મહિલા પણ ગંભીર ઈજાગ્રસ્ત થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.

## સીંગવડના ધામણબારી ગામે વિજળી પડતા બે મૂંગા પશુઓ મોતને ભેટ્યા : એક મહિલા ઈજાગ્રસ્ત



દાહોદ,

સીંગવડ તાલુકાના ધામણબારી ગામે બારીયા ફળિયામાં રહેતા અભેસિંગ બીજલના ઘરની બહાર વૃક્ષ પર ગઈ સાંજે ૫ વાગ્યાના અરસામાં કડાકા સાથે વીજળી પડતાં ત્યાં બહાર બાંધી રાખેલા ગાય તથા ભેસ પર વીજળી પડતાં મૃત્યુ પામ્યા હતા. જ્યારે એક મહિલા પર વીજળી પડતા તે ઘાયલ થઈ હતી તેને તાત્કાલિક સારવાર અર્થે દવાખાને લઈ જવામાં આવી હતી. જ્યારે મહિલા પર વીજળી પડી હતી પણ તેને વધારે નુકસાન થવા પામ્યું નહોતું જ્યારે જાણવા મળ્યા મુજબ તે મહિલાનું બોલવાનું બંધ થઈ ગયું હતું આની જાણ થતાં ઘટનાસ્થળે તાલુકા વિકાસ અધિકારી મકવાણા તથા પશુ ડોક્ટર ઘટનાસ્થળે પહોંચી જઈને તપાસ કરી હતી. ત્યાર પછી પશુઓને ખાડો ખોદીને દાટી દેવામાં આવ્યા હતા.

## દાહોદ ભાજપ અનુસુચિત જાતિ મોરચા દ્વારા રાજસ્થાનના વાલ્મિકી સમાજના યુવાનની હત્યાના વિરોધમાં કલેકટરને આવેદન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

રાજસ્થાન રાજયના ઝાલાવાડ ખાતે અનુસૂચિત જાતિ પૈકી વાલ્મિકી સમાજના યુવાન નામે કુષ્ણા વાલ્મિકીની સાગર કુરેશી અને તેની ગેંગના વિધર્મી ગુંડાઓ દ્વારા બેરહમીથી માર મારી હત્યા નિપજાવવાનો ધ્રુણાસ્પદ બનાવ બન્યો છે. આ ઉપરાંત બનાવનો શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના કાર્યકરો ઉપર પણ લાઠીચાર્જ કરીને ત્યાંની કોંગ્રેસ સરકાર દ્વારા ગંભીર રૂપથી ઘાયલ કરવામાં આવ્યા છે. વાલ્મિકી સમાજના યુવાન કુષ્ણા વાલ્મીકિની હત્યાના બનાવના વિરોધમાં રદાહોદ જિલ્લા કલેકટર કચેરી ખાતે દાહોદ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આવેદન પત્ર આપવમાં આવ્યું.

## દાહોદ જીલ્લામાં ઘણા દિવસો બાદ કોરોનાના બે કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે છેલ્લા ઘણા દિવસો બાદ કોરોના ૦૨ કેસો નોંધાયાં છે. લગભગ એક સપ્તાહ પહેલાં કોરોનાનો માત્ર એક કેસ નોંધાયો હતો. ત્યારે આજે વધુ ૦૨ કોરોના કેસો નોંધાતાં દાહોદ જિલ્લામાં એક્ટીવ કેસનો આંકડો ૦૩ ને પાર થયો છે.

આર.ટી.પી.સી.આર. અને રેપીટ ટેસ્ટના મળી કુલ ૨૪૪૮ પૈકી આજે ૦૨ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ બંન્ને કેસ દાહોદ અર્બનમાંથી નોંધાયાં છે. લગભગ દોઢ - બે માસના સમયગાળા દરમ્યાન કોરોનાની બીજી લહેર દાહોદ જિલ્લામાં શાંત પડી ગઈ હતી અને લગભગ દશેક દિવસ અગાઉ માત્ર કોરોનાનો એક કેસ સામે આવ્યો હતો. ત્યારે આજે ફરીવાર ૦૨ કેસ સામે આવતાં દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર ફરી એલર્ટ બન્યું છે. આજના બે કોરોના પોઝીટીવ સાથે દાહોદ જિલ્લામાં કોરોના એક્ટીવ કેસની સંખ્યા ૦૩ ને પાર થઈ છે. ત્યારે કોરોનાની બીજી લહેર શાંત પડ્યાં પછી હવે કોરોનાની ત્રીજી રહેરની પણ આશંકાઓ વર્તાઈ રહી છે. જેને પગલે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર સમેત આરોગ્ય તંત્ર દ્વારા ત્રીજી લહેરને લઈ આગોતરી તૈયારીઓ પણ આરંભ કરી દીધી છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૬ને પાર થઈ ગઈ છે. દાહોદ જિલ્લામાં કોરોનાથી અત્યાર સુધી ૩૩૮ લોકો પોતાનો જીવ ગુમાવી ચુંક્યાં છે.

## સંજેલી તાલુકામાં નાગરિકોને હવેથી મળશે નવીન સામુહિક આરોગ્ય કેન્દ્રની રાઉન્ડ ધ કલોક આરોગ્ય સેવાઓ



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

રાજયમંત્રી બચુભાઈ ખાબડ અને સાંસદ જસવંતસિંહ ભાભોરે સંજેલી તાલુકામાં રૂ. ૩.૫૫ કરોડને ખર્ચે તૈયાર થયેલા નવનિર્મિત અદ્યતન સુવિધાઓ સાથેના સામુહિક આરોગ્ય કેન્દ્રનું આજે લોકાર્પણ કર્યું છે. આદિવાસી વિસ્તારમાં પ્રત્યેક ૨૦ હજારની વસ્તીએ એક સામુહિક આરોગ્ય કેન્દ્ર ઉપલબ્ધ કરાવવાની સરકારની નેમ છે ત્યારે સંજેલી તાલુકાના નાગરિકોને આ કેન્દ્રથી રાઉન્ડ ધ કલોક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ છે.

સામુહિક આરોગ્ય કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે મંત્રી ખાબડએ દાહોદ જિલ્લામાં નાગરિકોની આરોગ્ય સુવિધાઓમાં સતત વધારો કરવા માટે રાજય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું છે. તેમણે જણાવ્યું કે, દાહોદ જિલ્લાએ કોરોના મહામારીનો ખૂબ જ મક્કમતાથી મુકાબલો કર્યો છે. દાહોદ જિલ્લાનાં નાગરિકોની આરોગ્ય સુવિધાઓમાં વધારો થાય એ માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. સંજેલી ખાતે નવનિર્મિત સામુહિક આરોગ્યકેન્દ્રમાં અદ્યતન આરોગ્ય સુવિધાઓ સાથે તમામ સુવિધાઓ નાગરિકોને પ્રાપ્ત થશે.

સંજેલી તાલુકાના સંજેલી ગામ ખાતે અત્યાધુનિક સુવિધાઓ સાથે શરૂ કરવામાં આવેલા આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઓપરેશન થીયેટર, એક્ષ રે રૂમ, ઓપીડી માટેના ૪ રૂમ, ઈમરજન્સી રૂમ, ફિઝિયોથેરાપી રૂમ, લેબર રૂમ, લેબોરેટરી રૂમ, ડ્રેસીંગ રૂમ, ૧૦-૧૦ પથારીનો પુરૂષ વોર્ડ તેમજ સ્ત્રી વોર્ડ, ૧૦ પથારીનો જનરલ વોર્ડ, ૫ પથારીનો કેજ્યુઅલ્ટી રૂમ ઉપરાંત પોસ્ટમોર્ટમ રૂમ, આંતરિક સીસી રોડ, બોર વીથ મોટર, કમ્પાઉન્ડ વોલ સહિતની તમામ સુવિધાઓ આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ઊભી કરવામાં આવી છે. આરોગ્ય કેન્દ્ર ખાતે ૩૪ પથારીઓમાં ૨૪ કલાક ઓકિસજન સહિતની સુવિધાઓ કરવામાં આવી છે.

મહાનુભાવોએ દાતા નગીનભાઈ પંચાલ દ્વારા અર્પીત એમ્બ્યુલન્સ વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુ શીતલ વાઘેલા, ધારાસભ્ય રમેશભાઈ કટારા, કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પટેલ તેમજ જિલ્લા પંચાયતના સદસ્યઓ, તાલુકા પંચાયતના સભ્યઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદ જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ મહિલા સુરક્ષા સમિતિઓની રચના કરાઈ

દાહોદ,

ધાનપુરના ખજૂરી ગામે એક પરિણીતા સાથે બનેલા અમાનવીય બનાવને કેન્દ્રસ્થ રાખીને ભવિષ્યમાં આવા બનાવો નિવારી શકાય એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામ્ય કક્ષાએ મહિલા સુરક્ષા સમિતિ બનાવાના આદેશો જારી કરવામાં આવ્યા છે. કલેકટર ડો.હર્ષિત ગોસાવીએ જિલ્લાના તમામ મામતલદારોએ આ આ આદેશનું તત્કાલ અમલીકરણ કરી ગરબાડા, ધાનપુર અને દાહોદ તાલુકાના આંતરરાજય સરહદ ઉપર આવેલા ગામોમાં મુલાકાત લઈ મહિલાઓને તેમના અધિકારો વિશે જાગૃત કરવા અને પ્રજાજનોમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ દૂર કરવા માટે અભિયાન ચલાવવા જણાવ્યું છે.

કલેકટર ડો.હર્ષિત ગોસાવીએ એક આદેશથી જિલ્લાના તમામ મામલતદારઓને તાત્કાલિક ગ્રામ્ય કક્ષાએ મહિલા સુરક્ષા સમિતિની રચના કરવા જણાવ્યું છે અને સમિતિની રચના કર્યા બાદ તુરત બે દિવસમાં મામલતદારએ તેમના કાર્યક્ષેત્રના તમામ ગામોની મુલાકાત લઈ તેનો રિપોર્ટ આપવાનો રહેશે. કલેક્ટર ડો.હર્ષિત ગોસાવીએ ધાનપુરના ખજૂરી ખાતે નારીગૌરવ હનનની બનેલી ધૃણાસ્પદ ઘટના બાદ ગામે ગામ મહિલાઓના હકો અને સુરક્ષા બાબતે જાગૃતિ આવે એ માટે કાર્યક્રમો યોજી એક ઝુંબેશરૂપે લોકોમાં અવેરનેસ લાવવા અભિયાન ચલાવવા જણાવ્યું છે.

આ ઉપરાંત તમામ મામલતદારઓને મહિલાઓ અત્યાચારનો ભોગ ન બને એ માટે મહિલા સુરક્ષા સમિતિ સક્રીયતાથી કામ કરે એ બાબત સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. આ સમિતિ ગ્રામ્યકક્ષાની છે અને મામલતદારઓ દ્વારા તેમા પોલીસકર્મી સહિતના સભ્યો નિમવામાં આવ્યા છે. મામલતદાર દ્વારા તેમના કાર્યક્ષેત્રના દરેક ગામની બે દિવસમાં જ મુલાકાત લઈ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

## સીંગવડ તાલુકાના ધામણબારી તળાવમાંથી ગામના જ ૫૭ વર્ષિય આધેડ વ્યક્તિની લાશ મળી આવતા ચકચાર



સીંગવડ,

સીંગવડ તાલુકાના ધામણબારી ગામના મંદિર ફળિયામાં રહેતા વરશીંગ દલસીંગ અડ ૫૭ વર્ષિય આધેડ વ્યક્તિની લાશ તળાવમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. જોકે મળતી માહિતી અનુસાર આ આધેડ ઉંમરનો વ્યક્તિ ત્રણ દિવસથી લાપતા હતો.તેને ઘરના લોકો દ્વારા શોધખોળ કરી હત. પરંતુ તે નહીં મળતા તેની તપાસ તેના ખેતરમાં કરવા જતા તેના કપડા ધામણબારી તળાવની પાળ પર મળી આવ્યા હતા.તે ધામણબારી તળાવમાં નાહવા ગયા હોય જ્યારે તે નાહવા પડ્યા બાદ નીકળી નહીં શકતા તેને આજે સવારે લાશ તરતી દેખાતા તેમને તાત્કાલિક રણધીકપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં રણધીકપુર પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી જઈને લાશને નીકાળવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી હાલતને બહાર નીકળીને પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું ત્યાર પછી લાશ ને તેના ઘરના લોકોને સુપ્રત કરવામાં આવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 277

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગાંધીનગર કેપિટલ-વારાણસી ટ્રેનનું

# ગોધરા રેલવે સ્ટેશન ખાતેથી કૃષિ મંત્રી જયદ્રથસિંહ પરમારે લીલીઝંડી આપી




તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજે રી-ડેવલપડ ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનનું લોકાર્પણ કરવા સાથે ગાંધીનગર-વારાણસી અને મહેસાણા-વરેઠા મેમુને પણ વર્ચ્યુલી લીલી ઝંડી બતાવી ગાંધીનગરથી પ્રસ્થાન કરાવી હતી. ૨૪ કલાકમાં ગાંધીનગર કેપિટલથી વારાણસી પહોંચાડતી આ સુપરફાસ્ટ ટ્રેન આણંદ અને છાયાપુરી થઈ ગોધરા પહોંચી ત્યારબાદ તેને ઉજ્જૈન તરફ આગળ જવા કૃષિ, પંચાયત અને પર્યાવરણ મંત્રી જયદ્રથસિંહ પરમારના હસ્તે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. મંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસ દ્વારા દેશના સર્વાંગી વિકાસની કૂચ સતત વેગીલી રહી છે. ગાંધીનગર-વારાણસી, મહેસાણા-વરેઠા મેમુ સહિતના રેલ પ્રકલ્પો અને ગાંધીનગરના રીડેવલપ્ડ રેલવે સ્ટેશનનું લોકાર્પણ એ જ દિશામાં વધુ એક મજબૂત પગલું છે.

આ અગાઉ, ટ્રેન પ્લેટફોર્મ પર આવતા પોલીસબેન્ડની સૂરાવલીઓ દ્વારા તેનું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કવાંટ નૃત્ય જૂથ દ્વારા સુંદર નૃત્ય પ્રસ્તુત કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબેન સોલંકી, સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, નિમિષાબેન સુથાર, જિલ્લાના અગ્રણી અશ્વિનભાઈ પટેલ સહિતના આગેવાનો તેમજ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલ, નાયબ પોલીસ અધિક્ષક સી.સી. ખટાણા, પ્રાંત અધિકારી ગોધરા એન.બી. રાજપૂત, મામલતદાર ગોધરા વિજય આંટીયા સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તાર ના ગામો નદીસર, જૂની ધરી, ખજૂરી સહિત આસપાસમાં ગામોમાં વીજ ફોલ્ટની સમસ્યાને લઈને જનતામાં MGVCL પ્રત્યે ભારે રોષ

ગોધરા,

ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના નદીસર, જુનીધરી, ખજૂરી, કબીરપુર સહિત આસપાસના નાના મોટા દરેક ગામોમાં વીજ પુરવઠો નજીકમાં ટીંબા ૬૬ કે.વી સબ સ્ટેશન માંથી આવે છે. ત્યારે ટીંબા ૬૬ કે.વી સબ સ્ટેશન માંથી આ વિસ્તારને વીજ પુરવઠો પૂરો પાડવા માટેનું મુખ્ય ૧૧ કે.વી વીજ લાઈન એન.એમ.સી વન પર સહેજ વરસાદ પડે ને કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ જતાં લોકોને રાત્રીના જે સમી સાંજના સમયે ખૂબ હેરાન પરેશાન થવું પડે છે. એક તરફ હાલ સખત ઉકળાટ વાડી ગરમી તો આ સીઝન માં ઝેરી જીવજંતુનો ભય રહેતો હોય છે. તેવામાં સાંજના ભોજન તેમજ રાત્રે સૂવાના સમયે જ વરસાદ કે સહેજ પવન આવે તો પણ વીજ પુરવઠો બંધ થઈ જાય છે અને લાઈન કલાકો સુધી ફોલ્ટમાં રહે છે. એક તરફ વારંવાર સમારકામ હેતુ લાઈનો બંધ કરવામાં આવે છે. તો તે વખતે શું સમારકામ થયું હશે તે બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

આ તરફ એમ.જી.વી.સી.એલ કાકણપુરના સૂત્રોનો સંપર્ક સાધતા તેવો એ જણાવ્યું હતું કે, નદીસર સુધી ટ્રી કટિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. જોકે હજુ છાપરિયા અને પતરાના મુવાડા ગામમાં ટ્રી કટિંગ બાકી છે. જ્યારે લાઈન પર પિન અને ડીશ પંકચર થવાના કારણે પણ ફોલ્ટની સમસ્યા છે. તે આગામી સમયમાં દુરસ્ત કરવા પ્રયત્ન થશે જોકે પિન અને ડીશ પંકચાર ફોલ્ટ સતત વરસાદ ચાલુ હોય તોજ મળે તે પણ એક પેચીદો પ્રશ્ન છે.

નદીસર થી ટીંબા સબ સ્ટેશન સુધી ની ૧૧ કે.વી લાઈન પણ ઘણી મોટી છે. ત્યારે અહીંયા તંત્ર દ્વારા છેલ્લા દોઢેક વર્ષ થી નવા નદીસર ખાતે સબ સ્ટેશન બનાવવા સર્વે કરવામાં આવ્યું છે. તે અંગેની આગળની કાર્યવાહી તુરંત આટોપી સબ સ્ટેશન વહેલું બને તે દિશા માં પ્રયત્નો પણ જરૂરી છે.

આવીજ સમસ્યા આજ સબ સ્ટેશન માથી વીજ પુરવઠો મેળવવા વાલૈયા, ગુસર, અગ્રેશ્વર, ભીમા સહિત ના ગામો ની છે. ત્યારે આવડા મોટા વિસ્તાર માટે નાઈટમાં એકજ ગાડી રાત્રે રહે છે. તો એમ.જી.વી.સી.એલ દ્વારા ટીંબા અને કાકણપુર વિભાગ માટે બે અલગ અલગ ગાડી ઓ રાખવી જરૂરી છે અને એક ગાડી અને સ્ટાફ રાત્રી ના સમયે ટીંબા ૬૬ કે.વી ખાતે રાખવા પણ માંગ ઉઠી છે.

ત્યારે એક તરફ સરકાર જયોતિગ્રામ યોજના હેઠળ ગામડાઓમાં ૨૪ કલાક વીજ પુરવઠો મળતો થયો છે. બીજા રાજ્યોમાં જઈ ને ભાટાઈ કરે છે પણ વીજ લાઈનો પર થતા ફોલ્ટ ના કારણે અહીંયા પિકચર જ કઈક જુદું છે...!!!

## મોરવા(હ)માં સારો વરસાદ થતાં ખેડૂતોમાં આનંદ

મોરવા(હ),

મોરવા હડફ તાલુકામાં ગુરૂવારના રોજ સારો વરસાદ થતાં જગતનો તાત ખુશખુશાલ થયો હતો.વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો પોતાના ખેતરમાં ખેતીકામમાં જોતરાઈને પરિવાર અને ખેત મજૂરો સાથે ડાંગરની રોપણી કરવામાં વ્યસ્ત બન્યા હતા. જોકે ખેડૂતો પણ હવે કંઈક નવું કરતા હોય તેમ ખુરશીમાં બેસીને ડાંગરની રોપણી કરતા દ્રશ્યો જોવા મળ્યા હતા.


તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા હડફ તાલુકાના ગ્રામીણ વિસ્તારના મોટા ભાગના ખેડૂતો વરસાદ આધારિત ખેતી કરતા હોય છે. ખેડૂતો મોંઘા ભાવના બિયારણો અને ખાતર લાવીને ખેતીકામમાં જોતરાયા હતા. પાછલા કેટલાક દિવસથી વરસાદ ખેંચાતા આ વિસ્તારના ખેડૂતો ભારે ચિંતિત થવા સાથે મેઘરાજાને મન ભરીને વરસવા માટે પ્રાર્થના કરી રહયા હતા. ગુરૂવારના રોજ મેઘરાજા મન ભરીને વરસતા જગતનો તાત ખુશખુશાલ થઈ ઉઠ્યો હતો. ખેતરના ચાયડા પાણીથી ભરાઈ જતાં ખેડૂત પોતાના પરિવાર સાથે ડાંગર રોપણી મા વ્યસ્ત બન્યા હતા. જયારે ખેડૂત સમરસિંહ નાનુસિંહ બારીઆ પોતાના ખેતરમાં પરિવાર સાથે ખુરશીમાં બેસીને ડાંગરની રોપણી કરતાં હોવાથી રસ્તા પરથી જતા રાહદારીઓ આ ખેડૂત પરિવાર ને જોઈને ખુશ થતા હતા. આ વિસ્તારના ખેડૂતો મેઘરાજાને હજુ પણ મન ભરીને વરસે તે માટે આકાશમાં જોઈને પ્રાર્થના કરી રહયા છે. ખેડૂતોના હિત માટે મોરવા હડફ ડેમ માંથી સિંચાઈ કેનાલમાં તબક્કાવાર પાણી છોડવામાં આવે તેવી આશા હાલ કેનાલનું પાણી મેળવતા ખેડૂતો રાખી રહયા છે.

## પાનમ ડેમની જળ સપાટીમાં ઘટાડો વરસાદ ખેંચાતા પાણીની અછત સર્જાઈ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પાનમ ડેમમાંથી ખરીક પાક માટે તબક્કાવાર ૭૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવતા માત્ર ૧૫ દિવસમાં જ ડેમની જળસપાટીમાં ૦.૪૦ મીટરનો ઘટાડો નોંધાયો.

પંચમહાલ જિલ્લાની જીવાદોરી સમાન ગણાતા શહેરા તાલુકાના પાનમ ડેમની જળસપાટીમાં માત્ર ૧૫ દિવસમાં જ સતત ઘટાડો નોંધાયો છે. હાલ વરસાદ ખેંચાતા જિલ્લાના ખેડૂતો દ્વારા સિંચાઈ માટે પાણી છોડવાની માંગ કરવામાં આવી હતી. જેને લઈને તા.૩૦ જૂનના રોજ પાનમ ડેમમાંથી ખરીક પાક માટે પાણી છોડવાનું શરૂ કરાયું હતું. આમ, છેલ્લા ૧૬ દિવસ દિવસથી તબક્કાવાર ૭૦૦ ક્યુસેક પાણી પાનમ ડેમમાંથી પાનમ કેનાલ મારફતે છોડવામાં આવી રહ્યું છે. પાનમ ડેમમાંથી ખરીક પાક માટે છોડવામાં આવેલ પાણી બાદ ડેમની જળસપાટીમાં ૦.૪૦ મીટરનો ઘટાડો થતાં હાલ ડેમની જળસપાટી ૧૨૧.૦૫ મીટર પહોંચી છે. તો પાનમ ડેમની ભયજનક સપાટી ૧૨૭.૪૧ મીટર છે, એટલે કે કુલ જળ સંગ્રહ ક્ષમતાના ૪૨.૫૭ ટકા જેટલું પાણી હાલ ડેમમાં બચ્યું છે. ત્યારે જિલ્લામાં આગામી સમયમાં આ જ પ્રકારે વરસાદ ખેંચાવાની સ્થિતિ યથાવત રહી તો ડેમમાં પાણીની અછત સર્જાઈ શકે તેમ છે.

## કાંકણપુર પોલીસ મથકના રાયોટીંગના ગુનાના આરોપીની જામીન નામંજુર

કાંકણપુર,

કાંકણપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ રાયોટીગ અને ૩૦૭ના ગુન્હામાં આરોપી જીગ્નેશભાઈ સુથારીયાના નિયમિત જામીન નામદાર કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવ્યા કાંકણપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ આ ગુન્હામાં આરોપી ઓ દ્વારા ગેરકાયદેસર મંડળી રચી મારક હથિયારો સાથે ઈજા પામનાર જીતેન્દ્ર ભાઈ ઉપર ખૂની હુમલો કરવામાં આવ્યો હતો અને ઈજા પામનારને આરોપી દ્વારા તલવાર થી પેટના ભાગે જીવલેણ ઘા કરતાં ઈજા પામનારનું પેટ ચિરાઈ ગયેલ અને આંતરડામાં ગંભીર ઈજા થયેલ અને હાલ પણ ઈજા પામનાર પથારી વશ છે. તેવી હકીકત રેકોર્ડ ઉપર આવતા આરોપી દ્વારા પંચમહાલ જિલ્લાના મહેરબાન એડીશનલ શેસન્સ જજ કે.જે.દરજીની કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરતાં નામદાર કોર્ટ દ્વારા જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની દલીલો તથા ફરીયાદ પક્ષે દાખલ કરેલ સોગંદનામું તથા તપાસ કરનાર અધિકારી પોલીસ ઈન્સ્પેક્ટર એન.એમ. પ્રજાપતિની તપાસ તથા સોગંદનામું ધ્યાનમાં લઈ આરોપીની જામીન અરજી નામંજૂર કરી છે.

## પંચમહાલ જીલ્લામાં આયોજન મંડળની બેઠકમાં વિકાસના કામોને મંજુરી

ગોધરા,

ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજયમાં આંતર માળખાકીય સુવિધાઓના સૂગ્રથિત વિકાસ થકી નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા માટે રાજય સરકાર મક્કમ નિર્ધાર સાથે આગળ વધી રહી છે.આ માટે સમયબધ્ધ આયોજન અને જરૂરી નાણાંકીય ફાળવણી કરીને અસરકારક કામગીરી કરી છે જેના પરિણામે નાગરિકોને મળતી સુવિધાઓમા વધારો થયો છે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

આજે પંચમહાલ જિલ્લાના પ્રભારી મંત્રી અને ગૃહ રાજય મંત્રી જાડેજાએ ગાંધીનગર ખાતેથી વિડીયોકોન્ફરન્સના માધ્યમ દ્વારા પંચમહા જિલ્લા આયોજન મંડળની બેઠક યોજીને નવા વિકાસકામોના આયોજનો અને થયેલ વિકાસકામોની સમીક્ષા કરતા કહ્યુ કે, રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિકાસકામોનુ આયોજન થઈ રહ્યુ છે.કોરોનાના કપરાકાળમાં પણ અસરકારક આયોજનના પરિણામે રાજયની વણથંભી વિકાસ યાત્રાને અટકવા દીધી નથી. કોરોના અંતર્ગત પણ રાજય સરકારની પરિણામલક્ષી કામગીરીના પરિણામે સંક્રમણને અટકાવવામાં સફળતા મળી છે એટલુ જ નહી નાગરિકોને ઉત્તમ પ્રકારની આરોગ્યલક્ષી સારવાર પણ રાજયભરમાં ઉપલબ્ધ બનાવીને સુવિધાઓ પૂરી પાડી છે. અને સંભવિત ત્રીજી લહેર મેટે એકશન પ્લાન બનાવીને અધિકારીઓને જવાબદારી પણ સોપી દેવાઈ છે ત્યારે આગામી જિલ્લા કક્ષાના વિકાસકામોમાં આરોગ્યના કામોને પ્રાધાન્ય આપવુ જોઈએ તેમ તેમણે ઉમેર્યુ હતું.

ગૃહ મંત્રી જાડેજાએ ઉમેર્યુ કે, પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ અન્વયે રૂપિયા ૯૨૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જેની સામે સાત તાલુકા પંચાયત અને ચાર નગરપાલિકાઓ દ્વારા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૯૬૭ લાખના ૭૧૫ વિકાસ કામો મંજૂર કરાયા છે. જેમાં પીવાના પાણીના કામો, રોડ-રસ્તા, પેવર બ્લોક, ગટર/ડ્રેનેજ, સેનિટેશન, નાળા, પૂર સંરક્ષણ દિવાલ વગેરે કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માં ન્યુ ગુજરાત પેટર્ન યોજના અન્વયે રૂા. ૧,૧૯૬.૧૧ લાખની જોગવાઈ સામે સાત તાલુકાઓની તાલુકા આદિજાતિ વિકાસ સમિતીઓ દ્વારા રૂા. ૧,૩૨૭.૫૩ લાખના ૧,૦૫૨ કામો મંજૂર કરવામાં આવ્યા છે.

મંત્રી એ ઉમેર્યુ કે, મુખ્યમંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ અન્વયે યોજના અંતર્ગત શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, સિંચાઈ, રસ્તાઓ, વીજળીકરણ, પશુપાલન, ખેતીવાડી, ડેરી વિકાસ, મત્સ્યોદ્યોગ, વનવિકાસ, સહકાર, ગ્રામ વિકાસ, રોજગારલક્ષી તાલીમના કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મંત્રીએ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કોવિડના થર્ડ વેવ માટે કરાઈ રહેલ પૂર્વ તૈયારીઓ તેમજ જિલ્લામાં વેક્સિનેશન અને સંક્રમણની હાલની સ્થિતિ વિશે વિગતવાર માહિતી મેળવતા ત્રીજી લહેરની અસર તદ્દન નહિવત રહે તે માટે વેક્સિનેશન વધારવા પર તેમજ બીજી લહેરના પીક દરમિયાન સર્જાયેલ બેડ અને ઓક્સિજનની જરૂરિયાતને ધ્યાનમાં રાખી તે અનુસાર વ્યવસ્થા ગોઠવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વેક્સિનેશન અને માસ્ક સહિતના બચાવના પગલાઓનું નાગરિકો અનુસરણ કરે તે સુનિશ્ચિત કરતું અભિયાન સતત ચાલુ રાખવા સૂચના આપી હતી. તેમણે પોઝિટીવિટી રેટ નિશ્ચિત સ્તર કરતા ઉંચો જાય ત્યારે ટેસ્ટિંગ, ઓક્સિજન બેડની સંખ્યા-ઓક્સિજનની આપૂર્તિ, મેડિકલ અને પેરા-મેડિકલ સ્ટાફ સહિતના માનવ સંસાધનો ઝડપથી વધારી શકાય તે રીતે જિલ્લાના પદાધિકારીઓને સાથે રાખીને આયોજન કરવા જણાવ્યું હતું. સેકન્ડ વેવમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઓક્સિજન આપૂર્તિને લઈને કરાયેલ વ્યવસ્થા અંગે સંતોષ વ્યક્ત કરતા થર્ડ વેવ દરમિયાન દૈનિક ૨૪ મેટ્રિક ટન ઓક્સિજન પૂરો પાડી શકાય તે માટે જિલ્લામાં સ્થપાઈ રહેલા પીએસએ પ્લાન્ટ્સ સહિતની સુવિધાઓમાં થયેલ પ્રગતિ અને હાલના ૩૫૦ ઓક્સિજન બેડ છે તે વધારીને ૫૫૦ બેડ કરવા માટેના આયોજનની વિગતો મેળવી હતી. દૈનિક ધોરણે ૫૦૦

(અનુ.પાના.નં.૨)

## ગોધરા સિંદુરી માતા થી અમદાવાદ હાઈવે સુધીના રસ્તા ઉપર ઝાડી ઝાંખરા થી રાહદારીઓ પરેશાન

ગોધરા,

ગોધરા શહેર સિંદુરી માતા થી અમદાવાદ હાઈવે તેમજ શહેરાભાગોળ ફાટક જતાં માર્ગ પર કાંટાળા બાવળનું સામ્રાજય થી રાહદારીઓ તેમજ વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે.

ગોધરા શહેરના સિંદુરી માતા થી અમદાવાદ હાઈવે સુધીના માર્ગ ઉપર અનેક સોસાયટી વિસ્તારો આવેલ છે. અને તમામ રહિશોની અવર-જવરનો રસ્તો છે. આ રસ્તાની બન્ને સાઈડોમાં કાંટાળા બાવળ તેમજ ઝાડી ઝાંખરાનું સામ્રાજય ફેલાયેલું છે. ઝાડી ઝાંખરાને લઈ રાહદારીઓ તેમજ વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. ત્યારે નગર પાલિકા દ્વારા રસ્તાની બન્ને સાઈડોમાં ઝાંખરા હટાવવામાં આવે તેવી માંગ સામાજીક કાર્યકર દ્વારા માંગ કરાઈ છે.


તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ સરસ્વતી વિદ્યામંદિર ખાતે પ્લીઝ સ્માઈલ ગૃપ તથા સરસ્વતી વિદ્યા મંદિર પરિવારના સંયુકત ઉપક્રમે પ.પૂ.પંકજકુમાર ગૌસ્વામી દ્વારા પ્રેરીત કોરોના મહામારીમાં જીવને જોખમમાં મૂકીને કોરોના વોરીયર્સ તરીકે જે સેવા આપી છે. તેમના ગૌવરના સન્માન સમારોહનું આયોજન રાખવામાં આવ્યું હતું. અતિથી તેમાં મોટી સંખ્યામાં મહાનુભાવો હાજર રહ્યા હતા અને કોરોના વોરીયર્સની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ પ.પૂ. પંકજકુમાર મહોદયના હસ્તે એવોર્ડ એનાયત કરાયા.

## શહેરા તાલુકાના પંચાયતના વિરોધ પક્ષના જે.બી.સોલંકીને તડીપાર કરવાના મામલે ભાજપ આગેવાનો, સરપંચો અને સભ્યો દ્વારા કલેકટરને આવેદન



શહેરા,

શહેરા તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા જે.બી.સોલંકીને તડીપાર કરવાની નોટીસ આપવાના મામલે ભાજપના આગેવાનો, સરપંચો અને તાલુકા પંચાયત સભ્યો દ્વારા આવેદન આપી આક્ષેપોને પાયા વિહોણા હોવાનું જણાવ્યું. શહેરા તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા જે.બી.સોલંકીને તડીપાર કરવાની શહેરા પ્રાંત અધિકારી એ નોટીસ આપવામાં આવી હતી. જે.બી.સોલંકીને રાજકીય રીતે હાથો બનાવીને ખોટી ફરિયાદોમાં તડીપાર કરવા માટેની નોટીસ આપવામાં આવી છે. તેનો વિરોધ સાથે જે.બી. સોલંકીના સમર્થકો દ્વારા પંચમહાલ જીલ્લા કલેક્ટરને આવેદન આપીને રજુઆત કરવામાં આવી હતી. જેના વિરોધમાં આજરોજ શહેરા ભાજપના આગેવાનો તાલુકા પંચાયતના સભ્યો તેમજ સરપંચો દ્વારા જે.બી.સોલંકી સામે કાર્યવાહી કરવા માટે આવેદન આપવામાં આવ્યું હતું. આજરોજ ભાજપના આગેવાનો તેમજ સરપંચો તાલુકા સભ્યો દ્વારા આપવામાં આવેદનમાં જે.બી.સોલંકી દ્વારા કરવામાં આવેલ આક્ષેપો ખોટા અને પાયા વિહોણા હોવાનું જણાવીને જે.બી.સોલંકીને પાસામાં ધકેલવા માંગ કરાઈ છે.

## અમદાવાદ-ઈન્દોર જતી બસમાં મહિલાને સફળતાપૂર્વક પ્રસૂતિ કરાવવામાં આવી

ગોધરા,

સુમલિબેન કલોભાઈ ભુરીયા આજરોજ સવારે અમદાવાદ થી ઈન્દોર તરફ જઈ રહેલી બસમાં પોતાના ગામ મધ્યપ્રદેશના પિટોલ ખાતે જઈ રહ્યા હતા. જે દરમ્યાન ગોધરા નજીક બસ પહોંચતા જ તેઓને એકાએક પ્રસવ પીડા શરૂ થઈ હતી. જે બાદ તેઓને બસમાં જ સફળતાપૂર્વક પ્રસૂતિ થઈ હતી. જેમાં તંદુરસ્ત બાળકનો જન્મ થયો હતો. બીજી તરફ મહિલાને પ્રસુતિ દરમ્યાન વહુ લોહી જતાં બસચાલકે સમયસૂચકતા વાપરીને બસને ગોધરા સિવિલ હોસ્પિટલ તરફ હંકારી મૂકી હતી. જ્યાં સિવિલ હોસ્પિટલ નજીક બસ પહોંચાડી મહિલાને સિવિલ હોસ્પિટલ માં તત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલ દ્વારા મહિલાની સ્થિતિ પારખી



જઈને સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. આમ બસચાલકની સમયસૂચકતાને પરિણામે માતા અને બાળક બંને બચાવ થયો હતો. હાલ અને મહિલા અને તેનું બાળક સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે.

## શહેરા તાલુકાના ભદ્રાલા ગામની ૨૨ વર્ષીય પરિણીતાએ પતિ વિરૂદ્ધ શારીરિક માનસિક ત્રાસની પોલીસ ફરિયાદ નોંધાવી

શહેરા,

પ્રાપ્ત વિગતો અનુસાર પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ધામણોદ ઠાકરીયા ખાતે રહેતા શારદાબેન મંગળસિંહ બારીયાની પુત્રી નામે જશોદાબેનના લગ્ન તાલુકાના ભદ્રાલા ગામના રાજેન્દ્ર નટુભાઈ ચૌહાણ સાથે આજથી પાંચેક વર્ષ અગાઉ સમાજના રીતરિવાજ મુજબ થયા હતા અને લગ્ન જીવન દરમિયાન તેમણે બે પુત્રીઓને જન્મ આપ્યો હતો.જશોદાબેનના લગ્ન બાદ શરૂઆતના બે વર્ષ તેઓનો ઘર સંસાર સારી રીતે ચાલ્યો ત્યારબાદ અંદાજિત છેલ્લા ત્રણેક વર્ષથી જશોદાને તેનો પતિ રાજેન્દ્ર ચૌહાણ શારીરિક માનસિક ત્રાસ આપી કહેતો હતો કે મારે બીજી પત્ની લાવવાની છે, તું મને ગમતી નથી, તારી ચાલ ચલગત સારી નથી તેમ કહી જશોદા ઉપર ખોટો શક વહેમ રાખી જશોદાને તેનો પતિ અવાર નવાર મારઝૂડ કરી માં બહેન સમાણી ગાળો બોલી કોઈના કોઈ બહાને મહેણાં ટોણા મારી શારીરિક માનસિક ત્રાસ આપતો,વધુમાં એવું પણ કહેતો કે તું તારા પિયરમાં જતી રે અને નહિ જાય તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પતિ આપતો હોવાની ફરિયાદ જશોદાએ શહેરા પોલીસ મથકે નોંધાવતા શહેરા પોલીસે પરણિતા ના પતી રાજેન્દ્ર નટુભાઈ ચૌહાણ સામે કલમ ૪૯૮ક ૩૨૩ ૫૦૪ ૫૦૬(૨) મુજબ ગુનો નોંધ્યો હતો. પોલીસે જરૂરી તપાસ સાથે પરણિતાને ત્રાસ આપનાર પતિને પકડવાના ચક્રોગતિમાન કર્યા હતા.